ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૩

# અનુભવની આંખે

અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૩

# અનુભવની આંખે

અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# અનુક્રમણિકા


- પ્રકાશકીય ........................ અંબુભાઈ શાહ .......... ૩
- શ્રેયોમાર્ગીની સાથે ટહેલતાં .............. યશવન્ત શુક્લ .......... ૬

૧. ભિક્ષા અને દાનની શુદ્ધતા .......................... ૮
૨. શ્રેષ્ઠ અને સુપાત્ર દાન કયું ? .......................... ૧૦
૩. સંકલ્પની શક્તિ .......................... ૧૫
૪. સમતા અને સાધુ .......................... ૧૭
૫. આરસી... જાત જોવાની .......................... ૨૧
૬. પળેપળ પ્રત્યાઘાત અને પ્રતિક્રિયા .......................... ૨૪
૭. નીતિધર્મ અને અર્થ વહેવાર .......................... ૨૬
૮. પ્રાર્થના નિરર્થક કે સાર્થક .......................... ૨૯
૯. ક્રાંતિપૂર્ણ આત્મસંયમ .......................... ૩૩
૧૦. પથ્થર શાંતિ આપે છે : માણસ કલેશ - સાચું શું ? .............. ૩૫
૧૧. ક્રિયાજડતા અને સાધનની શુદ્ધતા .......................... ૩૬
૧૨. રાહત-ક્રાંતિનો ફરક .......................... ૩૮
૧૩. સ્ત્રીસમાજ જ પહેલ કરે .......................... ૪૦



- ❑ પ્રકાશક : મનુ પંડિત,
  મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
  હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
  અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૩૮૧૦૪૭.
- ❑ પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૧૯૯૭.
- ❑ નકલ : એક હજાર
- ❑ કિંમત : રૂપિયા દસ
- ❑ ટાઈપસેટીંગ : પૂજા લેસર, એ-૨૧૫, બીજે માળ,
  બી.જી. ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર,
  અમદાવાદ-૪.


**નોંધ :** 'અનુભવની આંખે' નામે લેખસંગ્રહનો પ્રથમ ભાગ ઓગસ્ટ, ૧૯૮૬માં પ્રગટ થયેલ. તેના અનુસંધાનમાં આ બીજો લેખસંગ્રહ છે.

- મનુ પંડિત

# પ્રકાશકીય

મુનિશ્રી સંતબાલજીની જૂની ડુપ્લીકેટ લેટરબુકો તથા તેમનાં વિશ્વવાત્સલ્યમાં લખાયેલા લેખો જોવાનું કામ હમણાં ચાલે છે. અને સને ૧૯૩૭થી ૧૯૮૨ સુધીની ૪૫ વર્ષની લેટરબુકો અને સન ૧૯૪૭થી સન ૧૯૯૭ સુધીના વિશ્વવાત્સલ્યની ફાઈલો શ્રી મણિભાઈએ જતન કરીને સુરક્ષિત રાખી છે.

તે બધું વાંચતાં અનેરો આનંદ તો થાય જ છે, અને વર્તમાન સંદર્ભમાં પણ તેમણે તે વખતે રજૂ કરેલાં મંતવ્યો કેટલાં બધાં પ્રસ્તુત છે તેનો ખ્યાલ તો આવે જ છે. ઉપરાંત મનમાં થાય છે કે, મુનિશ્રીને સાંભળીએ, કે તેમના લખાણોને વાંચીએ તેના કરતાં પણ, તેમના પત્રોને વધુ સારી રીતે સમજી શકાય છે. એમની એક શૈલી એવી છે કે સામી વ્યક્તિએ મુનિશ્રી ઉપરના પત્રમાં લખ્યું હોય તેમાંથી જરૂર ઉતારો લખે અને તેનો પણ જવાબ કે ખુલાસો પત્રમાં કરે.

આ પત્ર સાહિત્ય અપ્રગટ છે, એમાંથી ઉપયોગી લાગે તે નાની નાની પુસ્તિકારૂપે પ્રગટ કરવાનું સંસ્થાએ નક્કી કર્યું છે. આ પત્ર સાહિત્ય એક સત્યાર્થી પુરુષનું છે જેમનું છેવટનું લક્ષ આત્મકલ્યાણ છે. જે પુરુષે વ્યક્તિગત સાધના સાથે સમાજગત સાધનાની ગાંધીજીની વાતને સમજીને તેનો પ્રયોગ પણ કરેલ છે અને જેમનામાં ભારોભાર સચ્ચાઈ, નિર્ભયતા, સરળતા અને પારદર્શકપણું હતાં તેમના આ અક્ષરદેહને સમાજ સમક્ષ પ્રગટ કરતાં આનંદ થાય છે.

'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક મુનિશ્રી સંતબાલજીના પ્રયોગનું વૈચારિક મુખપત્ર છે. ૫૦ વર્ષથી એકધારું નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સમયપાલનની ચીવટ અને જાગૃતિ મુનિશ્રી પોતે રાખે. આટલાં વર્ષમાં ભાગ્યે જ આ પત્રને પ્રગટ થવામાં મોડું થયું હોય કે અંક પ્રગટ ન થયો હોય. દેશના કોઈ પણ ભાગમાં મુનિશ્રીનો વિહાર ચાલતો હોય પછી તે ઘર આંગણે ભાલમાં હોય કે અતિ દૂર ઓરિસ્સા, બંગાળ-કલકત્તામાં હોય - તેમના લેખો નિયમિત તારીખે અચૂક કાર્યાલયમાં પહોંચવાના જ !

આવા સામયિકના પ્રથમ પાનાનો લેખ લખવાની જવાબદારી અનાયાસ-આયાસની જેમ ૧૯૭૧ના જુલાઈથી મારે માથે આવી. પ્રયોગના અંગભૂત હોય એ સહજ આવી પડેલ કર્તવ્યથી ભાગે તો નહિ જ, પ્રસન્નતાથી વધાવી લેવાનું જ હોય. આવાં કામો માટે પાત્રતા-યોગ્યતાનો માપદંડ તો હોય જ, પણ મિત્રોનો

સ્નેહ-સદ્ભાવ અને મુનિશ્રી પ્રત્યેનાં શ્રદ્ધાબળથી મારે તો એ વિચાર પણ કરવાપણું નહોતું. એમ છેલ્લાં ૨૫ વરસથી આ લખવાનું ચાલુ રહ્યું છે.

શિક્ષણ પ્રાથમિક શાળાંત. નોકરી, વેપારનું કાર્યક્ષેત્ર. સાહિત્ય, લેખન, વાચનની કોઈ ગતાગમ જ ન મળે. ૧૯૪૭થી પ્રગોય-કાર્યમાં પલોટાવાનું શરૂ થયું. ગામડાંમાં સતત ફરવાનું. વાચન માટે એવો વખત પણ ન મળે. ગુજરાતી સામાન્ય ભણતર. એ સિવાય બીજી કોઈ ભાષાનો કક્કોય ન આવડે. આ બધી જ મર્યાદાઓ, પણ ગ્રામ સંગઠનની પ્રવૃત્તિ જ એવી કે જેમાં જીવતી કિતાબો ઢગલાબંધ વાંચવાની મળે. એની વિવિધતાનો તો પાર જ નહિ. સહેજે લોકોને મળવાનું થાય. એમની વાતો સાંભળવાની મળે. અનેક જાતના પ્રશ્નો આવે. તુંકારો કર્યો તેના અપમાનથી માંડીને ભાઈએ ભાઈનું ખૂન કર્યું હોય તે પ્રશ્ન પણ આવે. શેઢા-પાળીના હકદાવાથી માંડીને સર્વોચ્ચ અદાલત અને સંસદમાં મિલકતના અધિકાર બંધારણીય લવાદની બાબતો પણ આવે. ગામના તલાટી અને સામાન્ય કાર્યકરથી માંડીને તે ચીફ સેક્રેટરી અને વડાપ્રધાન સુધી પહોંચવું પડે. પોંકની ચોરીથી માંડીને ડાકાયટી સુધીના કેસો અને તેના મુખ્ય સૂત્રધાર ખૂંખાર ધાડપાડુઓને મળવાનુંય આવે. ગણવા બેસીએ તો 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વિણાય નહિ તોય મારા આભલામાં માય'ના જેવું જ આ લોકસંપર્કનું બન્યું, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. લોકમાનસનું વાચન અને અભ્યાસ અને વાચનનો મોકો અનાયાસે જ મળી રહેતો. વળી આમ જીવતા-જિવાતા પુસ્તકોરૂપ માણસના વાચનને અને અભ્યાસ અવલોકનને પત્રથી કે રૂબરૂ મુનિશ્રી પાસે રજૂ કરવાનું પણ બનતું. મુનિશ્રી આ બધું અપાર ધીરજ અને અથાગપણે બધું સાંભળે, વાંચે, ચિંતવે, તપાસે, મઠારે, સુધારે. ક્યારેક ટપારેય ખરા ! પણ આ બધું જ એવી સહજ રીતે થાય કે એવું કંઈક થાય છે એનો ખ્યાલ સરખોયે, કોઈનેય ન આવે.

પ્રથમ પાનાના લેખો મનનીય છે અને એનું એક પુસ્તક પ્રગટ કરવું જોઈએ એવી કેટલાક મિત્રોની ઇચ્છા અને માગણી આવી. ભાઈ મનુભાઈ પંડિતે પણ આ વાતને પ્રોત્સાહન આપ્યું. અને તેમાંથી જે ચિંતનીય તેમને લાગ્યા તે અલગ તારવીને મને આપ્યા.

લેખો વાંચ્યા ત્યારે મને જ મનમાં એમ થયું કે - આ લેખ ખરેખર મેં લખ્યા છે ? સાનંદાશ્ચર્ય ઘણું થયું. ખબર નહિ, ભીતરમાં બેઠેલ કોઈ અંબુભાઈએ આ લખાવ્યું હશે !!

છપાયેલ લેખો શ્રી યશવન્તભાઈને આપ્યા. તેના પરના તેમના પ્રતિભાવો જાણવા માગ્યા. અતિવ્યસ્ત રહેવા છતાં એમણે ઉષ્માપૂર્વક મારી વિનંતી સ્વીકારી અને વાચકને ઉપયોગી થાય તેવી સુંદર પ્રસ્તાવના લખી આપી.

મનુભાઈએ આ પ્રસ્તાવના મને જોવા મોકલી, અને મારી પ્રસ્તાવના પણ માગી.

યશવન્તભાઈએ લખ્યું છે તે વાંચતાં વાંચતાં મનેય આશ્ચર્ય થતું આવ્યું કે આ લેખો તેમણે કહ્યું તેવા છે ? હો... ન... હો જે હો તે. દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય ! યશવન્તભાઈએ જોયા તે અંબુભાઈના બોતેર કોઠે દીવા યશવંતભાઈને દેખાયા છે, પણ આ અંબુભાઈને એટલે કે મને તો એ દીવાને અજવાળે મારામાં હજુ જે અંધારું છે તે નજરે દેખાય છે.

યશવંતભાઈ જેવા વિવેકશીલ વિદ્વાન વિવેચકના વિવેચનના વાદવિવાદમાં ભલે ન પડીએ, અને મારા લખાણોને માટે જાણે કે એમના હૃદયની બધી ઉષ્માથી અને પૂરા પ્રેમથી, શબ્દેશબ્દે પ્રશંસાનાં પુષ્પો ખોબલે ખોબલે વેર્યાં છે, ત્યારે મારે તો વાદવિવાદ કરવાનો સવાલ જ ન હોય, કેવળ કૃતજ્ઞભાવે એમના આ પ્રતિભાવ બદલ મારી પ્રસન્નતા વ્યક્ત કરીને, ચડેલા ઋણનો સ્વીકાર જ કરવાનો રહે છે.

ભાઈ મનુભાઈ પંડિતે પરિશ્રમ લઈ સંપાદન અને પ્રકાશન કાર્ય સુંદર-સરસ કર્યું છે તે બદલ તેમનો હાર્દિક આભાર માનું છું.

યશવંતભાઈએ કહ્યું છે તેમ મારા લેખોની ભાષા લોકસંપર્ક અને વહેવારમાંથી ઊગેલી છે. એમાં એટલું ઉમેરું કે, આ પ્રદેશની પ્રજા સાથે આત્મીયતાથી જે જીવંત સંપર્ક થયો, અને હજુય ચાલુ જ રહ્યો છે, એમાંથી યશવંતભાઈ કહે છે તેમ ભાષા તો ઊગી, પણ અંબુભાઈની અંદર એક બીજા અંબુભાઈના નવા અવતારનો ફણગોય ઊગ્યો છે, પોષાયો પણ છે.

પુસ્તકમાંના મોટા ભાગના લેખો ભાલ નળકાંઠાના લોકો પાસેથી જ લીધા છે, તેથી આ પુસ્તક અહીંની પ્રજાને જ અર્પણ કરીને ઋણ મુક્ત તો નહીં બની શકાય, પણ કૃતજ્ઞભાવ પ્રગટ કરવા પૂરતું સમાધાન મળશે.

મહાવીરનગર,
ભાઈ બીજ,
સંવત ૨૦૫૪

**અંબુભાઈ શાહ**
મેનેજિંગ ટ્રસ્ટી,
ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ

# શ્રેયોમાર્ગીની સાથે ટહેલતાં

મુનિશ્રી સંતબાલજીના શિષ્ય અને ભાલ નળકાંઠામાં આર્થિક-સામાજિક જાગૃતિ પ્રેરનાર રાષ્ટ્રહિતૈષી કાર્યકર અને સન્મિત્ર શ્રી અંબુભાઈ શાહે "વિશ્વવાત્સલ્ય"માં પ્રગટ કરેલા લેખોમાંથી વીણીને આ "અનુભવની આંખે" લેખસંગ્રહ પ્રગટ કર્યો છે તે અનેક શ્રેયાર્થી વાચકોને મનભાવતી વિચારસામગ્રી પૂરી પાડશે.

શ્રી અંબુભાઈને બોતેર કોઠે દીવા છે. એમની તે જાગ્રત જીવનસાધના છે. એમાં ક્યાંય ઉગ્રતા કે આક્રમકતા નથી. એને ધર્મની પીઠિકા અવશ્ય છે. પણ મુનિ સંતબાલજી, શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજીના વિચાર અને કાર્યના અભ્યાસી કાર્યકરે પોતાના ધર્મને સામ્પ્રદાયિકતાની જંજીરોમાંથી મુક્ત કર્યો છે. શ્રદ્ધાનો જે દોર લઈને તેઓ વાચકો પાસે જાય છે તેમાં અંગત માન્યતાઓની વ્યાપક ભૂમિકા તેમણે નજર સમક્ષ રાખેલી હોય છે.

એમનો આ ધર્મભાવ આ લેખસંગ્રહમાંની વિચારસમૃદ્ધિને અજવાળે છે, એથી જ સામાન્ય વ્યવહારો ઉપરાંત ઊંડી સમજદારીના પ્રશ્નો ચર્ચવા એ પ્રેરાયા છે.

અંબુભાઈ વિચારપ્રક્રિયાને રુંધનારા કે અધિકાર સ્થાપવામાં રસ ધરાવનારા આડંબરી ઉપદેષ્ટા નથી. સામાના વિચારને તેઓ આવકારે છે, એટલું જ નહીં, ઉત્તેજે પણ છે. અનુભવની આંખે ચઢેલા કેટલાયે વ્યવહારોનું - એમાંનાં કોઈક કોઈક કાલ્પનિક હોવાનો પણ સંભવ છે - એમણે પ્રસંગકથાઓ તરીકે આલંબન લઈને પોતાના વિચારોની માંડણી ચર્ચાપૂર્વક કરવાનું રાખ્યું છે. સામાનો વિચાર, કે પ્રશ્ન કે મૂંઝવણ કે અસંગતિનો પણ સમજદારીપૂર્વક તેઓ ખ્યાલ આપે છે. એમાં પરખાતી વ્યાપક જગરીતિ પણ સમભાવથી એ સૂચવે છે. વિચારની સ્થાપનામાં ક્યાંયે આક્રોશ કે ઉગ્રતા કે મતાગ્રહ મુદ્દલ વરતાતા નથી અને તોયે સાત્ત્વિક જીવનમૂલ્યો ઉપર આવીને જ તેઓ વાતનો છેડો લાવે છે.

'અનુભવની આંખે'ના લેખક પોતે અનુભવાર્થી અને શ્રેયાર્થી છે તો જ પૂરી હમદર્દીથી તેઓ માનવજીવનના ઝીણા પ્રશ્નોનો તાગ લઈ શકે છે.

અંબુભાઈ પાસે એક હાથવગો 'મિત્ર' છે, જે અનેક સંદર્ભોમાં વિવિધ છટાઓથી પ્રગટ થાય છે. કેટલાયે સંવાદો 'મિત્ર' સાથેની ચર્ચારૂપે આ સંગ્રહમાં ઝિલાયા છે. એમાં એમની 'સમજણ' પ્રગટ થાય છે. આ સમજ તેમને સંતો, શાસ્ત્રો અને અનુભવીઓ પાસેથી મળેલી છે એ તો દેખીતું છે.

આ 'મિત્ર'ના નિમિત્તે અંબુભાઈએ એમની ને આપણા — સારાયે સંસારના — અટપટા પ્રશ્નો વિશે આત્મનિરીક્ષણ કર્યું છે. એમાંથી તેઓ બોધ પણ સારવે છે અને પ્રસંગ આવ્યે પ્રત્યક્ષ ઉપદેશ આપવાનું પણ ટાળતા નથી. પણ ક્યારેય ઊંચે બેસણે બેસીને ઉપદેશ આપતા નથી. એમની પદ્ધતિ વાચકને વિશ્વાસમાં લેવાની છે, એની બુદ્ધિ ક્રિયાવતી થાય એવાં નિમિત્તો-પ્રશ્નો-ધરવાની છે. ઉપદેશ તો આખી યે વિચારચર્ચાનો કેવળ નિષ્કર્ષ હોય છે.

શ્રી અંબુભાઈ વિચારની સાફસૂફી કરવા મથનારા જાગ્રત સાધક હોવાથી શબ્દોને ખૂબ સાવચેતીથી પ્રયોજે છે અને નિરર્થક પ્રસ્તાર કરતા નથી. એમની ભાષા લોકસંપર્કમાંથી, વ્યવહારમાંથી ઊગેલી ભાષા હોવાથી રસાળ અને પ્રાસાદિક છે. એમની સાથે ટહેલતાં ટહેલતાં વિચારગોષ્ઠિ કરવાની અને વૃત્તિ અને વ્યવહાર ઉભયની શુદ્ધતા અને સમજ કેળવવાની લિજ્જત માણવા આ પુસ્તક ધ્યાનથી વાંચવાની અનુભવાર્થીઓને ખાસ ભલામણ કરીશ.

**યશવન્ત શુક્લ**

# ૧ ભિક્ષા અને દાનની શુદ્ધતા

આ અંકમાં 'પત્રમંજૂષા''માં ભચાઉના ભાઈ શ્રી દેવજીભાઈનો પત્ર છે. એમાં છેક છેલ્લે એમણે એમના મનમાં ચાલતા ચિંતન મંથનનો ઉલ્લેખ કરીને મુદ્દાનાં બે મહત્ત્વનાં સૂચનો કર્યાં છે.

(૧) સાધુ સંન્યાસીઓએ માત્ર ગરીબ અને પછાત વર્ગના કુટુંબોમાંથી જ ભિક્ષા લેવી.

(૨) અનીતિની કમાણીથી બંધાયેલાં ધર્મસ્થાનકોમાં જવું નહિ.

આ બન્ને મુદ્દાઓ ચિંતનીય છે.

ખાસ કરીને જૈન સાધુ સાધ્વીજીઓ અને જૈન પરિવારો સુઝતી એટલે કે શુદ્ધ ભિક્ષા વહોરવા અને વહોરાવવામાં માને છે. પણ દરેકમાં બને છે તેમ કાળે કરીને આ સુઝતા-શુદ્ધતા-નો મૂળભાવ ગૌણ બન્યો છે. મહદ્અંશે ભૂલાયો છે. સુઝતી ગોચરી સ્થૂળ અર્થ પૂરતી રૂઢક્રિયાકાંડ બની ગઈ છે. ન્યાય સંપન્ન આજીવિકાથી મેળવેલું ધન અને રોટલો અને એમાંથી વહોરાવેલી કે વહોરેલી ભિક્ષા તે સુઝતી-શુદ્ધ-ભિક્ષા, પણ વર્તમાન કાળમાં આર્થિક રીતે સંપન્ન હોય કે પછી ગરીબ હોય તેમના રળેલા રોટલામાં કે એમના આજીવિકાના સાધનોમાં નીતિ ન્યાય કેટલાં જળવાયાં હશે એ મોટો પ્રશ્નાર્થ જ છે.

આ સ્થિતિમાં ગોચરી શુદ્ધ છે કે, ધર્મસ્થાનકોમાં 'અપાતા દાનનું ધન ન્યાયનીતિ સંપન્ન છે કે કેમ ? એના ન્યાયધીશ બનવું સહેલું નથી.

પત્રલેખકના આ બંને મુદ્દાનું હાર્દ તો બરાબર જ છે. સવાલ સૂક્ષ્મ અને સ્થૂળ, જૈન પરિભાષામાં ભાવ અને દ્રવ્ય એમ બંને દૃષ્ટિએ એનો વહેવારમાં અમલ કેમ કરવો એ છે.

સાધુસંતો ધનિકને ત્યાંથી ભિક્ષા ન લે અને માત્ર ગરીબને ત્યાંથી લેવાનું રાખે, અને ધર્મસ્થાનકોમાં પગ ન મૂકે એમ કોઈ સાધુસંત કરી તો શકે. પણ એટલા માત્રથી કામ સરશે એવી ભોળી માન્યતા તો ખુદ પત્રલેખક પણ ધરાવતા નથી. અને તેથી જ એમણે, આવા સાધુઓ પાછા નીત નવા પ્રયોગો કરે, જાત અનુભવ મેળવે અને સમાજને પ્રેરણા આપે એવી વ્યાપક દૃષ્ટિની ભાવના ભાવી છે.

પ્રયોગ કરનારને અને પ્રેરક બનનારને બીજી વ્યક્તિ સાથે અને સમાજ સાથે સંબંધમાં આવવું અનિવાર્ય બને તો જ પ્રયોગ થઈ શકે. પ્રેરણા ઝિલાય. માત્ર

વ્યક્તિગત કલ્યાણ કે વ્યક્તિગત મોક્ષનું લક્ષ રાખીને થતી વ્યક્તિ સાધનામાં પોતે માનેલા આદર્શના અંતિમ છેડાને પકડીને ચાલવું એ એક વાત છે, પણ સ્વ-કલ્યાણ સાથે સમાજ-કલ્યાણ, સમાજ પરિવર્તન, સત્ય ધર્મનો ઉદ્ધાર અને દોઝખમાં પડતા જગતને બચાવી લેવા જેવી વ્યાપક અને સમાજગત સાધનામાં પ્રયોગો કરવા જ પડે, અને બીજાના સંબંધમાં આવવું પડે ત્યારે સમાજની કક્ષા અને ગજું જોઈને લોકોને સીઝતું, લોકો ઝીલી શકે તેવું પગલું જ ઉપયોગી બની શકે. ગજું હોય તે વ્યક્તિગત કૂદકો જરૂરી ભરી શકે. પણ સમાજને સાથે લેવો હોય તો સમાજ જયાં ઊભો છે ત્યાંથી ભલે એક ડગલું આગળ વધે તેવી ક્રિયા જ વહેવારુ બની શકે.

અલબત્ત, આમ વહેવારુપણાને નામે મધ્યમમાર્ગ લેવો એટલે સ્થગિતતા (સ્ટેટસકો) નહિ જ. એ સાવધાની રાખવી જ જોઈએ. ભલે એક ડગલું બસ થાય. પણ ધ્યેય તરફ જતું ગતિશીલ એવું એક પગલું ભરાવું તો જોઈએ જ. વળી એ પણ ખરું કે, ગરીબ પછાતવર્ગ અને અવહેલના પામેલા વર્ગને ગૌરવ અને પ્રતિષ્ઠા આપવાં. એમને વજન આપવું અને ધનિક વર્ગને કેવળ ધનને જ કારણે પ્રતિષ્ઠા ન આપવી સાધુવર્ગે કરવું જોઈએ. અને જયારે ધન અને સત્તાની આજે બોલબાલા છે ત્યારે તો ખાસ નબળા દુર્બળ વર્ગને પલ્લે વધુ ઝોક આપવો પણ જોઈએ. પરંતુ તેથી સમગ્ર અને સર્વાંગી પરિવર્તન કરવાની દષ્ટિએ સમાજના કોઈ પણ વર્ગનો એકડો સાવ કાઢી નાખવાની જરૂર નથી. એનું એક કારણ એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, લોકમાનસ પણ મહદઅંશે ધનસત્તાનું પૂજક છે. એ સંજોગોમાં એ વાત વ્યાપક ન બની શકે.

મુનિશ્રીએ પ્રયોગના પાયામાં પછાતવર્ગ ગામડાં અને સ્ત્રીઓને પ્રતિષ્ઠા અને ગૌરવ મળે તે વાત કેન્દ્રમાં રાખીને અનેક પ્રયોગો કર્યા જ છે. ધન સત્તાને પ્રતિષ્ઠા ન મળે તેવી સતત સાવધાની પણ રાખી છે. કોઈનોયે ટાળો રાખ્યો નથી. સમતુલા સાચવીને દરેક વર્ગ પાસેથી કામ લીધું છે.

ભાઈ દેવજીભાઈ લખે છે તેમ સાચા સાધુ સંતો સાધ્વીજી સંન્યાસિનીઓએ હવે 'ગામડાંનો, પછાત વર્ગોનો, સ્ત્રીઓનો વધુ સંપર્ક રાખવો જોઈએ. પ્રતિષ્ઠા, ધન કે સત્તાને નહિ, પણ નીતી પ્રમાણિકતા ન્યાયને આપવી જોઈએ.

સાચો ધર્મ, અને સાચી ધાર્મિકતાની આ વાત સાચા ધાર્મિકો સમજે, આચરે એ જ અભ્યર્થના.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૮-૧૯૮૬

---

# ૨ શ્રેષ્ઠ અને સુપાત્ર દાન ક્યું ?

વિશ્વવાત્સલ્યના ૧-૧૦-૧૯૮૬ના અંકમાં પ્રશ્નોત્તરીમાં મુંબઈથી વિનોદભાઈ શાહના પ્રશ્નોમાં દાન વિષે પ્રશ્નો છે. આજે નાણાંના ફુગાવામાં થતાં દાન, ધનની થતી પૂજા અને પ્રતિષ્ઠા જોતાં દાનનો મહિમા અને મહત્ત્વ તેમ જ દાન આપનાર અને દાન લેનારમાં રાખવા-રખાવવાના વિવેક વિષે વિચાર કરવા જેવું છે. વિનોદભાઈના પ્રશ્નો આ દૃષ્ટિએ ચિંતનીય હોઈ એ અંગે અહીં અગ્રલેખમાં જ એની ચર્ચા કરીશું. વિનોદભાઈના પ્રશ્નો છે :

(૧) ઉત્તમ દાન ક્યું ? (૨) સુપાત્ર દાન કોને કહેવાય ? (૩) સુપાત્રતા કેવી રીતે નક્કી કરવી ? અને (૪) ઈન્કમટેક્ષ ન ભર્યો હોય તેવા પૈસાના દાનની યોગ્યંતા કેટલી ?

મુનિશ્રી લિખિત 'સાધક સહચરી' ઉઘાડતાં જ પ્રથમ પ્રકરણમાં પહેલો જ શ્લોક નજરે પડ્યો.

જો સહસ્સં સહસ્સાણં, માસે માસે ગવં દએ;
તસ્સ વિ સંજમો સેઓ; અદિન્તસ્સ વિ કિંમચણ.

(ઉત્તરાધ્યયન ૯ : ૪૦)

(અનુષ્ટુપ)

પ્રતિમાસે કરે દાન, જે દશ લાખ ગાયનું,
તેનાથી સંયમી શ્રેષ્ઠ, ભલે આપે ન તે કશું.

"જે પ્રતિમાસે એકેક મહિને દશ દશ લાખ ગાયો દાનમાં આપે તેવા દાતાર કરતાં પણ નહિ આપનાર સંયમીનો સંયમ જ શ્રેષ્ઠ છે."

એજ પુસ્તકમાં સંયમી કોને કહેવાય તેના શ્લોક છે.

ચિત્તમંતમચિત્તં વા, અપ્પં વા જઈ વા બહું;
દંતસોહણમિતં પિ, ઉગ્ગહંસિ અજાઈયા.
તં અપ્પણા ન ત્રિણ્હંતિ નોવિ ગિણ્હાવએ પરં,
અન્નં વા ગિણ્હમાણં પિ, નાણ જાણંતિ સંજયા.

(દશવૈકાલિક ૬ : ૧૪-૧૫)

(અનુષ્ટુપ)

નિર્જીવ જીવતી કિંવા, વસ્તુ હો અલ્પ કે બહુ,
દાતણની સળી માત્ર, આજ્ઞા યાચ્યા વિના કદી.
નહિ ગ્રહે સ્વયં કિંવા, ગ્રહાવે અન્યથી નહિ,
અદત્ત જે ગ્રહે તેને અનુમોદે ન સંયમી.

"સજીવ વસ્તુ કે નિર્જીવ વસ્તુ, અલ્પ પ્રમાણમાં કે બહુ પ્રમાણમાં બીજું તો શું પણ દાતણની એક સળી માત્ર પણ, માલિકની રજા મેળવ્યા વિના સંયમી પુરુષો સ્વયં ગ્રહણ કરે નહિ, બીજા દ્વારા ગ્રહણ કરાવે નહિ, કે અદત્ત ગ્રહણ કરનારને અનુમોદન સુધ્ધાં આપે નહિ."

વિનોદભાઈની અપેક્ષાને સંતોષ આપી શકાય તેવો જૈન શાસ્ત્રોના ઉપરના શ્લોકોનો આધાર સહેજે જ મળી ગયો છે. જેમાંથી પ્રશ્નોનો જવાબ મેળવવો સરળ થશે. શ્લોકમાં આવતો અદત્ત શબ્દ સમજવા જેવો છે.

જૈનધર્મના પાયામાં પાંચ મહાવ્રત છે. સત્ય, અહિંસા, અસ્તેય અથવા અચૌર્ય (ચોરી ન કરવી) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આમાં ત્રીજું મહાવ્રત તે 'અદત્તાદાનવિરમણં' અથવા 'અદત્તાદાનત્યાગ' છે. એનો અર્થ કોઈપણ વસ્તુ તેના માલિકની રજા કે સંમતિ લીધા સિવાય લેવાનો સદંતર ત્યાગ એવો થાય છે. મતલબ વસ્તુના માલિકની રજા સિવાય વસ્તુ લેવાય તે ચોરી કહેવાય. અને આમ ચોરી પોતે તો ન જ કરાય પણ કોઈ પાસે કરાવાય નહિ, કે કોઈ કરતું હોય તેનું અનુમોદન પણ ન થાય.

આ વ્રતનો આ શબ્દાર્થ થયો. પણ જૈન સિદ્ધાંત યુક્ત જૈનધર્મ તો સ્થૂળ શબ્દના અર્થ કરતાં પણ એના સૂક્ષ્મભાવ અર્થને વધુ મહત્ત્વ આપીને સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને દૃષ્ટિએ વ્રતનું પાલન કરવામાં માને છે. દાન શ્રેષ્ઠતા સમજવા માટે આ વ્રતનું રહસ્ય પ્રથમ સમજી લેવા જેવું છે. મુનિશ્રી સંતબાલજી આ વ્રતને કઈ રીતે સમજ્યા હતા તેનો જ એક બનેલો પ્રસંગ જોઈએ.

મુનિશ્રીનો વિહાર નળકાંઠાના ગામડાંઓમાં ચાલતો હતો. સાથે છોટુભાઈ (છોટાલાલ વસનજી મહેતા) હતા. રસ્તાની બાજુમાં રાયણનું ઝાડ હતું. ત્યાંથી પસાર થતાં છોટુભાઈએ રાયણના ઝાડ નીચે પડેલી એક રાયણ નીચા નમીને ઉપાડીને ખાધી. મુનિશ્રીએ આ જોયું પણ તે વખતે કંઈ બોલ્યા નહિ. વિહારમાં સામે ગામ મુકામ હતો. રાત્રે ગામની જાહેર પ્રાર્થના સભામાં મુનિશ્રીએ ચોરી કોને કહેવાય એ સમજાવતાં છોટુભાઈએ રાયણ લીધી એનો દાખલો આપીને એ મતલબનું કહ્યું કે,

"જે વસ્તુનો હું માલિક નથી, તે વસ્તુ ભલે નધણિયાતી હોય પણ મારાથી લેવાય નહિ. કોઈ માલિક નથી, રસ્તામાં પડી છે. પછી રજા કોની લેવી ? માલિકીની વસ્તુ હોય તો જ માલિકની રજા લેવાનો સવાલ આવે ને ? આવી દલીલથી મન મનાવીને આમ નધણિયાતી, જેના પર કોઈની માલિકી જ નથી તેવી વસ્તુ લેવી તે પણ જૈન સિદ્ધાંત મુજબ ચોરી જ ગણાય."

છોટુભાઈ આ વાત કરીને અમને કહેતા કે મુનિશ્રી એ એક શબ્દ મને આ અંગે કહ્યો નહિ. પણ ચોરી એટલે શું ? એનો સૂક્ષ્મ અર્થ આવો થાય છે એ પહેલી વખત મેં જાણ્યું અને પેલી રાયણ ખાધી તે બદલ મનમાં શરમ આવી.

હવે મૂળ પ્રશ્ન પર આવીએ.

જૈનોમાં અભયદાનને શ્રેષ્ઠ ગણ્યું છે. અભયદાનનો સ્થૂળ રૂઢિગત અર્થ એવો કરવામાં આવ્યો છે કે, ગાય કે ઘેટાં બકરાં જેવાં જીવોને કતલખાને કતલ થતાં બચાવી લેવાં. આમ બચાવી લેવાની દયાવૃત્તિ સારી જ છે. પણ અભયદાનનો અર્થ એથી ઊંડો અને વ્યાપક છે.

આ વિશ્વ એક સંપૂર્ણ સર્જન છે. એમાં રહેલી તમામે તમામ સકળ જીવસૃષ્ટિ પોતાનું કર્તવ્ય બરાબર બજાવે તો કોઈ જ પ્રશ્ન ઊભો ન થાય. દરેકનું પાલન-પોષણ સુપેરે ચાલે. ક્યાંય ખાડો ન પડે સહુની રક્ષા થાય. સહુ સલામત.

પણ માણસમાં રહેલી લોભ લાલચ મોહ માયા અહંકાર જેવી વૃત્તિથી અન્યાય, શોષણ, ભય, અસલામતી પેદા થાય છે. સંગ્રહવૃત્તિ જરૂર કરતાં વધુ મેળવે છે, ભોગવે છે. પરિણામે ક્યાંક ખાડો પડે છે. કોઈકને એની જરૂરિયાતમાં ફરજિયાત કાપ મૂકવો પડે છે. ઉપર શ્લોકમાં સંયમીની જે વ્યાખ્યા આપી છે અને ચોરીનો અર્થ સમજાવ્યો છે. એવું જીવન જિવાય તો તો સહુ અભય જ છે. પછી દાન આપવાની કે લેવાની જરૂર જ ન રહે. પણ આવો આદર્શ વહેવાર કરવાવાળા સંયમી પુરુષો ક્યાં ? કેટલા ? એટલે પછી ચાલુ વહેવારમાં જે સંગ્રહ થાય તેમાંથી દાન આપવાની વાત આવી. મેળવીને કંઈ ન આપવું એના કરતાં જો મેળવીએ છીએ તો એમાંથી યથાશક્તિમતિ આપવું એ તો સારું જ છે.

દાન આપવાના અનેક પ્રકાર હોય છે.

ફંડ લેવા આવનારને લપ માની, આ લપને જલદી કાઢો એવી કંઈક હીન અને તિરસ્કારની વૃત્તિ ક્યાંક જોવા મળે છે. તો દેવા ખાતર દેવું પડે. શરમે ના કહેવાતી નથી. અનિચ્છાએ આપવું પડે. શેહ ભય કે ડરથી પણ અપાતું હોય છે. નામ અને કીર્તિનો મોહ પણ હોય. દયા કરુણાની લાગણી પણ હોય. આમ વિવિધ

વૃત્તિઓ અને પ્રકારો અને દાન આપનારની રુચિરસ પણ દાનની પસંદગીમાં ભાગ ભજવતાં જોવા મળે છે.

મહાન તત્વચિંતક ખલીલ જિબ્રાને દાન વિષે સુંદર વિચારો રજૂ કર્યા છે. એણે દાતાઓ વિષે કહ્યું છે :

"કોઈક ઉત્સવના દિવસે શ્રીમંતોમાં પ્રગટતી ક્ષણિક ઉદારતા અને નબળાને શ્રીમંતો તરફથી કરાતી મદદ એમાં શ્રેષ્ઠતાનો કેટલો દર્પ હોય છે ? માનવતા વિહોણી લક્ષ્મી. માનવ આવી લક્ષ્મીને વેડફે એવી લક્ષ્મી ન તો માનવ બનાવે ન તો માનવીને ગૌરવ આપે.

જિબ્રાન દાન લેનારની લાચાર સ્થિતિનું વેધક અને સચોટ બ્યાન રજૂ કરતાં કહે છે :

"ભૂખ્યા માણસમાં ભૂખે એ વિચાર રહેવા દીધો નથી કે પોતાને ભોજન આપનારે ધન કઈ રીતે મેળવ્યું છે. અથવા ભોજન આપનાર કઈ રીતે અને કેવા હેતુથી પોતાને ભોજન આપે છે. ભૂખ્યા માણસને માથે આવો કંઈ વિચાર કરવાનું રહેતું નથી."

આમ કહીને પછી જિબ્રાને દાન આપનારને માથે તો એવો વિચાર કરવાપણું છે, એમ ફરજ નાખતાં કહ્યું છે.

"પ્રતિષ્ઠાને માટે આપતો હોય તો ભલે આપે પણ એ આપવું એને માટે નિરર્થક છે. દયાથી પણ નહિ. એક માત્ર માનવતાના એક જ દૃષ્ટિબિંદુથી પ્રેરાઈને આપે છે ત્યારે જ એનું આપવું સાર્થક બને છે. અને એને ઉચ્ચ કોટીએ લઈ જાય છે. આમ આપવું એ જ આપવું છે. એ સિવાયનું આપવું એ ફેંકી દેવાનું છે, ફેંકી દીધું એ આપવું નથી."

બીજા કોઈ જ્ઞાની પુરુષે દાનનો મહિમા સમજાવતાં કહ્યું છે એ પણ જોઈએ.

"દાનધર્મ ઘણો સારો છે. એથી તમારી લક્ષ્મીનું સાફલ્ય થાય છે. પણ લક્ષ્મીનું સાફલ્ય એક વસ્તુ છે, જીવનનું સાફલ્ય એ બીજી જ વસ્તુ છે. જીવનનું સાફલ્ય ઈશ્વરની અનુભૂતિમાં રહેલું છે. દાન જો આ અગમ્ય વસ્તુ તરફ દોરી જવા માટે ન હોય તો એ ઉપરઉપરની વાત બતાવે, જીવનનું રહસ્ય ન દેખાડે. શિખર પર પહોંચવા માટે દાન એ શરૂઆત છે. તળેટીનું પ્રથમ પગથિયું છે. આ ન સમજાય તો દાન અંતરમાંથી નહિ, પણ પરિસ્થિતિમાંથી પેદા થયેલી એક યાંત્રિક વસ્તુ જ બની જાય અને તો તે ગમે તેવા દાનેશ્વરીને પણ ત્યાં જ ડૂબાડે."

દાન વિષે આટલા વિસ્તારથી જૈન શાસ્ત્રો, તત્ત્વચિંતક અને જ્ઞાનીપુરુષોનાં

દૃષ્ટિબિંદુ જોયા પછી હવે શ્રેષ્ઠદાન કયું ? એ સમજવું સહેલું થશે.

અમને એમ લાગે છે કે, અભયદાન કે સંયમની શ્રેષ્ઠતાની દિશામાં એક ડગલુંય ભરી શકાય તેવું દાન ન્યાય સંપન્ન આજીવિકાનું સાધન જરૂરતમંત લોકોને આપવું એ આજે ઉત્તમદાન કહી શકાય. અન્નદાન, વસ્ત્રદાન, નેત્રદાન કે આરોગ્ય, કેળવણી, પાણીની સગવડ જેવાં માનવરાહતનાં કામોમાં અપાતા દાનનું પણ મહત્ત્વ છે જ. મસીદ, ગુરુદ્વારા જેવાં ધાર્મિક સ્થાનકો બાંધવામાં તો લોકો ઘેલછા કહી શકાય એમ અઢળક નાણાં ખર્ચતા હોય છે. પરંતુ માણસ સ્વમાન અને ગૌરવપૂર્વક, ન્યાયસંપન્ન નીતિનો રોટલો રળી શકે, કોઈની પાસે એને હાથ લાંબો કરવા જેવી લાચારી ભોગવવી ન પડે, ખુશામત કરવી ન પડે, નિર્ભયતાથી જીવી શકે, એ માટે દરેક માણસ પાસે પોતાનું આજીવિકા રળવાનું સાધન હોવું જરૂરી છે. તે સાધન આપવામાં દાન અપાય એનો મહિમા અને મહત્ત્વ વધુ છે.

કવિએ કહ્યું છે તેમ "ભાખરી આપી ભીખારી ન રાખો એ ધનના ધણી ધર્મ તમારો."

આ કાવ્ય કડીનો મર્મ પણ એ જ સમજાવે છે. સાધન આપવું એ ધર્મકાર્ય છે.અને એની સાથે સાથે એ સંસ્કાર સંપન્ન પણ બને એ માટે સંસ્કારી અને સત્ સાહિત્યનું પ્રચાર કાર્ય પણ જરૂરી છે.

દાન આપનાર વિવેકદૃષ્ટિથી સુપાત્ર વ્યક્તિ કે સુપાત્ર સંસ્થાની પસંદગી કરી શકે. છેલ્લો એક પ્રશ્ન ઈન્કમટેક્ષ ન ભર્યાં હોય તેવા દાનની યોગ્યતા વિષે હવે આગળ ઉપર વિચારીશું.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૦-૧૯૮૬

## પરિગ્રહવ્રત અને રાવી

**સંયમ એટલે પરિગ્રહનો ત્યાગ એટલું જ નહિ, પણ પરિગ્રહવૃત્તિનો ત્યાગ. જે પરિગ્રહવૃત્તિના ત્યાગના ધ્યેયે પરિગ્રહને ત્યાગે છે એ જ આદર્શ નિષ્પરિગ્રાહી બની રહી શકે છે. નહિ તો એ એક ક્ષેત્ર મૂકી બીજા ક્ષેત્રમાં જતાં ત્યાંય એક મૂકી બીજો પરિગ્રહ વધારવાનો. જેણે વૃત્તિમાં નિષ્પરિગ્રાહીપણું કેળવ્યું હશે તે જગતના કોઈ પણ ક્ષેત્રમાં જાય તોય નિષ્પરિગ્રહી રહી શકવાનો. જૈનદર્શનમાં "રાવી"ની પરિપાટી ચાલે છે તે આ અપેક્ષાએ છે.**

ઉપયોગિતાની દૃષ્ટિએ પદાર્થોની મર્યાદા કરી પરિગ્રહવૃત્તિને રોકવાનો પ્રયોગ આદરવો એનું નામ સંયમ. અને આત્મરક્ષાનું ધ્યેય જાળવીને સંયમી ભાવનાથી જે ક્રિયા થાય તેનું નામ અહિંસા.

('આચારાંગ'માંથી) સને ૧૯૩૬ - **'સંતબાલ'**

# 3 સંકલ્પની શક્તિ

એક દંપતી મુંબઈમાં મળવા આવ્યું. અગાઉ કંઈ પરિચય નહિ, પણ ફોનથી વાત કરીને, પરિચય આપીને સમય નક્કી કરીને આવ્યાં હતાં. આવીને પોતાનો પરિચય આપ્યો અને રૂપિયા ૨૦,૦૦૦ની નોટો ધરીને ફંડ માટે આપતાં કહે : "લ્યો આ વીસ હજાર રૂપિયા."

'અમે કહ્યું : પહોંચ કોના નામની બનાવવાની છે ?"

તો કહે : 'પહોંચની જરૂર નથી. બે નંબરનાં નાણાં છે.'

અમે કહ્યું : 'પણ પહોંચ વિના તો અમે ફંડ લેતા નથી.'

કહે : 'ગમે તે નામે નાની રકમોની પહોંચ ફાડી નાખજો ને ?'

અમે કહ્યું : 'એમ ગમે તેમ ખોટાં નામ લખીને રકમ ન લેવી એમ અમે નક્કી કર્યું છે એટલે એ રીતે અમે લઈશું નહિ.'

થોડીવાર વિચાર કરીને કહે,

'નામો અમે આપીશું. એ નામોની પહોંચ તમે આપશો ને ?'

ક્ષણ-બેક્ષણમાં જ. ઝડપથી મનમાં વિચારો પસાર થઈ ગયા. બિનહિસાબી નાણાં છે. એ વાત તો સ્પષ્ટ થઈ. ના પાડીશું તો કદાચ નહિ આપે. અને આમ સ્પષ્ટ કહ્યું ન હોત, અને સીધાં નામો આપીને એ નામોની પહોંચ માગી હોત તો, એ રકમ હિસાબી છે કે બિનહિસાબી; નામો સાચાં છે કે ખોટાં, એની ચોખવટ માગવાનો અધિકાર આપણને ખરો ! આમ સામાના ન્યાયાધીશ થવાની જરૂર ખરી ? એનો કશો અર્થ ખરો ?

આમ, વીજળીની ઝડપે વિચારો પસાર થઈ ગયા અને સમાધાન પણ મળી ગયું. તરત જવાબ આપ્યો.

'સારું. નામ સરનામા સાથે રકમ આપો પછી અમને વાંધો નહીં.'

દંપતી રકમ પાછી લઈને ગયાં. ચાર-પાંચ દિવસ પછી આવીને નામ સરનામા સાથે નાની નાની રકમની પાવતીઓ પર એટલી જ રકમ આપી ગયાં.

આ પ્રસંગ બન્યો ત્યાર પછી થોડા જ દિવસોમાં ભાઈ વિનોદ સી. શાહના ...ન વિષેના પ્રશ્નો આવ્યા. જેનો ઈતિહાસ તો અગાઉના અંકોમાં લખાઈ ગયો છે. ...ના અનુસંધાનમાં સંઘે ઠરાવ કર્યો. જે તા. ૧-૧૧-૮૬ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.

આ ઠરાવ સંઘે (૨) : તા. ૧૯-૧૦-૮૬ના રોજ કર્યો. અને તા. ૨૦-૧૦-૮૬ના રોજ બીજા જ દિવસે ફોન કરીને એક યુવાન દંપતી અમદાવાદમાં મળવા

આવ્યું. એમનો પણ પરિચય નહોતો. એમના પિતાશ્રી 'વિશ્વવાત્સલ્ય' પત્રના આજીવન ગ્રાહક છે. અગાઉ પોતે સંઘને થોડી રકમ ફંડમાં મોકલી છે. અને તાજેતરમાં બહાર પડેલી બે ચોપડીઓ (૧) મારી અભિનવ દીક્ષા અને (૨) અનુભવની આંખે પોતે વાંચી છે આટલી ઓળખાણ આપતાં કહે -

'લ્યો આ ૧૧ હજાર રૂપિયા. તમને ઠીક લાગે ત્યાં ગરીબ માણસોના-અંત્યોદયના કામમાં વાપરજો.'

અમે કહ્યું : 'પહોંચ કોના નામની બનાવવાની છે ?' કહે, પહોંચની જરૂર નથી. તમારે ગમે તેના નામે ફાડવી હોય, ન ફાડવી હોય જે કરવું હોય તે કરજો.'

ગાઈકાલે જ કરેલા સંઘના ઠરાવની અમે આ દંપતીને વાત કરી. અને એમનાં જ નામ સરનામાં સાથેની પૂરી રકમની પહોંચ ઉપર જ આ રકમ લેવામાં હરકત નથી, બાકી અમે લઈ શકીશું નહિ. એમ કહ્યું.

તરત એ યુવાન મિત્રે હસતાં હસતાં કહ્યું :

'મને સંતોષ છે કે, આ રકમ હું યોગ્ય સંસ્થાના કામમાં મૂકું છું.'

આમ કહીને એમનાં નામ સરનામાં સાથે રકમ આપીને એ ચાલતા થયા.

આ બંને પ્રસંગોનો સાર, બોધ, સમજવા જેવો છે.

સંઘે ઠરાવ નહોતો કર્યો. ત્યારે ના પાડીશું તો રકમ નહિ આપે એવો એક ડર હતો. એની પાછળ સવાલ સામાનો નહોતો. અમારા મનના લોભ મોહનો અને અશ્રદ્ધાનો હતો. મૂળ તો વાણિયાવૃત્તિના સંસ્કારો ખરા ને ? ઘર હોય કે સંસ્થા હોય. દેહના સંસ્કાર અને મનની વૃત્તિઓ એકદમ એમ કેમ છૂટે ?

આમ ચલાવતા હતા, પણ વ્યક્તિગત અમારું અને સમાજગત સંસ્થાનું પુણ્ય સાવ પરવાર્યું નહિ હોય એટલે આમ કરવું એ ખોટું છે એમ મનમાં ડંખતું હતું.

સંઘના ઠરાવ પછી એ રીતે લેવાની ના પાડી. કારણ સંઘના સંકલ્પનું અને એ પ્રગટ કરવાથી જાહેર સમાજનું બળ મળ્યું હતું, અને જો સંકલ્પબળ હતું તો શ્રદ્ધાબળ ટક્યું. અને જો શ્રદ્ધાબળ હતું તો ક્ષણનીયે વાર વિના સાચા નામે સરનામા અને પૂરી રકમ આપીને એ ભાઈ ગયા.

વહેવારુપણાને નામે મૂલ્યનો ભોગ આપીને પ્રવૃત્તિ ચાલુ રાખવી એ નબળાઈ છે. મૂલ્યનો આગ્રહ રાખવામાં કસોટી તો થાય જ.

કસોટીમાં ટકવાનું બળ મેળવવું અને કેળવવું જ રહ્યું.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૨-૧૯૮૬

# ૪ સમતા અને સાધુ

કેવડિયા કૉલોની (જિ. ભરૂચ)થી ઈજનેર જિતેન્દ્રભાઈ આચાર્ય લખે છે :

"તા. ૧૬ ડિસે. ૮૬નો 'વિશ્વવાત્સલ્ય'નો અંક વાંચ્યો. બ્રાહ્મણની વ્યાખ્યા (મુનિશ્રી સંતબાલજી લિખિત 'સાધક સહચરી'માંથી લીધેલી) વાંચી, ગમી. મારા માનવા મુજબ બ્રહ્મ (આત્મા)ને જાણે તે બ્રાહ્મણ. પણ 'સમતાથી બને સાધુ' (એમ જે કહ્યું છે) એમાં હજી કંઈક ખૂટતું હોય એમ મને લાગે છે. સહનશીલ માણસ પણ સમતાગુણ ધરાવે છે તો તેને સાધુ કહી શકાય નહિ.

'નમો લોએ સવ્વ સાહુણં' (જૈનોના નવકાર મંત્રમાનો એક નમસ્કાર મંત્ર)માં જણાવેલ છે કે, સર્વસાધુગણને નમસ્કાર કરું છું. આ સાધુ માટેની યોગ્ય વ્યાખ્યા જણાવશો. આત્મદશા સાધે તે સાધુ. જેમાં સમ્યક્ત્વ ગુણ મહત્ત્વનો છે. પ્રતિકૂળ અનુકૂળ પરિસ્થિતિમાં પણ સમભાવ રહે અને તે પણ આત્મદૃષ્ટિ ધ્યાનમાં રાખીને.

સાધુ તેમ જ જૈનદર્શનમાં કેટલા ધ્યાનનો ઉલ્લેખ છે ? અને તેનું ફળાદેશ શું છે ? જૈનધર્મમાં ૪૫ આગમ મુખ્ય છે. તે અંગે સંતબાલજીએ કંઈ લખ્યું હોય તો તે જણાવશો."

પત્રલેખકના પત્રમાં મુખ્ય મુદ્દો તો સાધુ વિષેનો પ્રશ્ન છે. આ પ્રશ્ન તેમ જ પત્રમાંના બીજા મુદ્દા વિશે થોડી સ્પષ્ટતા પ્રથમ કરી લેવી જરૂરી જે. જૈનધર્મગ્રંથોનો મને કોઈ અભ્યાસ નથી. જૈનદર્શનમાં ધ્યાન તેનું ફળાદેશ આગમો કે નવકાર મંત્રમાંના સાધુની વ્યાખ્યા વિષે એના જાણકારો પાસેથી પત્રલેખકે માહિતી મેળવી લેવી જોઈએ. આવી જાણકારી આપી શકે તેવા મારા ધ્યાનમાં છે તે બે મિત્રોનાં નામ જણાવું : (૧) શ્રી રમણલાલ સી. શાહ મુંબઈ 'પ્રબુદ્ધજીવન'ના તંત્રી, અને (૨) શ્રી દુલેરાય માટલિયા વિશ્વવાત્સલ્ય કાર્યાલય અમદાવાદ.

હવે મુદ્દા પર આવીએ. મુદ્દામાં 'સમતાધારી' અને 'સાધુ' એ બેને સમજવાની છે.

પત્રલેખક જે એમ લખે છે કે, 'સહનશીલ માનવી સમતાગુણ ધરાવે છે પણ તેથી તેને આપણે સાધુ તરીકે ઓળખતા નથી.' એ વાત સાચી છે. શબ્દને એના સાચા અને યથાર્થ રૂપે ઓળખવા માટે તે ક્યાં અને કયા સંદર્ભમાં વપરાયો છે તે, તથા તેના સ્થૂળ અને સૂક્ષ્મ અથવા બહાર અને અંદર, જૈનપરિભાષામાં દ્રવ્ય અને ભાવરૂપે જોવો સમજવો પડે.

પ્રથમ 'સમતા' શબ્દને સમજવાનો પ્રયાસ કરીએ.

સહન કરવામાં સમતા ખરી. દા. ત. ઘરમાં નીચે પડી ગયેલી સોય પગમાં ભોંકાણી. વેદના પારાવાર થઈ. પણ આપણામાં સમતાગુણ છે. કંઈ રડારોળ કરી નહિ. ડૉક્ટર પાસે જઈ ખેંચી કઢાવી. જોનારા સહુ અને આપણનેય થયું કે આપણામાં સમતા ગુણ છે. પણ મનમાં કેવી પ્રક્રિયા થઈ ?

પેલી સોય ઘરમાં પાડી નાખનાર પર, કોઈએ આ પડેલી સોય પર ધ્યાન નથી આપ્યું એટલે એમના પર મતલબ નિમિત્ત બનનાર સોય અને ઘરનાં માણસો પર મનમાં ક્રોધ આવ્યો. આ ક્રોધની અસર આપણી વૃત્તિ પર કેવી થઈ તેની ખબર નથી આપણને કે, નથી આપણને સમતાધારી માની લેનાર બહારથી જોનારાઓને.

જોકે રાડારાડી કરતા નથી; કોઈને વઢતા નથી, દુઃખ સહન કરી લઈએ છીએ. એટલે સમતા તો છે જ. સમતાનો આ એક પ્રકાર.

હવે બીજો પ્રકાર જોઈએ.

સોય વાગી. રાડારાડી ન કરી. કોઈને વઢ્યા નહિ. મનમાં ક્રોધ ન કર્યો, પણ નિમિત્ત બનનારને દોષિત ગણી તેમની આવી બેદરકારીથી પોતાને સહેવાનું આવ્યું માટે હવે આમ બેદરકારી ન રાખવા શાંતિથી સમજાવ્યું. આ સમતા પ્રથમ કરતાં ઘણી ઉચ્ચ ગણાય.

હવે ત્રીજો પ્રકાર જોઈએ.

સોય વાગી. શાંતિથી સહન કર્યું. ક્રોધ ન કર્યો. નિમિત્ત બનનારને દોષિત ન ગણ્યા. પોતે જ ચાલતી વખતે બેદરકારી રાખી. પરિણામે સોય વાગી. દુઃખ સહેવું પડ્યું. આમ વધુ સારો અર્થ લીધો. આ સમતાનો ત્રીજો પ્રકાર જે ઉપરના બંનેથી ઘણો ઊંચો છે.

આ ત્રીજા પ્રકારની સમતામાં પોતે દુઃખ સહે છે એમાં, પોતે જ દોષિત છે એમ જ સમજે છે. પણ પોતે સમતાભાવ ધરાવે છે. એવી સભાનતા પણ છે.

હવે એથીયે ઊંચા પ્રકારની સમતાનો ચોથો પ્રકાર જોઈએ.

એમાં ઉપરના સમતાભાવો તો ખરા જ. પણ પોતાને દુઃખ પડ્યું. વેદના સહેવી પડી. પોતામાં સમતાભાવ છે વગેરે જે સભાનતા પ્રથમના ત્રણ પ્રકારમાં છે તેવી સભાનતા આ ચોથા પ્રકારમાં ન હોય.

ભગવાન મહાવીરને એક ભરવાડે કાનમાં સૂળો ભોંકી તે જાણીતા દાખલામાં

જે સમતાનો પ્રકાર છે તે સમતાની પરાકાષ્ઠા કહો કે અંતિમ સ્વરૂપ કહો તેવો આ સાધુનો સમતાભાવ છે.

જે કંઈ બની ગયું, જે કંઈ બને છે અને જે કંઈ હવે બનશે તે નિયતીને આધિન છે. આવી ઊંડી અને વ્યાપક સમજણથી પોતે તદ્દન સાક્ષીભાવે રહી શકે છે. સમ કે સમત્વભાવ ધરી શકે છે. સુખમાં અને દુ:ખમાં પણ. સમતાધારી સાધુની સમતા આને ગણી શકાય.

સમતાભાવનું આ અંતિમ આપણા જીવનમાં આવી શકે એ માટે બહાર સ્થૂળપણે દ્રવ્યરૂપથી અને અંદર સૂક્ષ્મપણે ભાવરૂપથી સમતા કેળવવાનો પ્રયાસ એનું નામ સાધના.

આ દિશામાં પ્રથમ પગલું માંડીએ તો 'સમતાથી સાધુ બને' એ અથવા 'સમતાથી સાધુ થવાય' એમ જે સાધક સહચરી'માં મુનિશ્રી સંતબાલજીએ લખ્યું છે તેમ જીવનમાં સાધુતા તરફ પ્રગતિ કરી શકાય.

હવે સાધુ શબ્દ વિશે જોઈએ.

ઉપર શરૂમાં કહ્યું તેમ નવકારમંત્રમાં નિર્દેશેલા સાધુની વ્યાખ્યા કે સ્વરૂપ જૈનધર્મના અભ્યાસુઓ પાસેથી સમજી લેવાં પડે. અહીં તો મુનિશ્રી સંતબાલજી જેવા જૈન સાધુપુરુષના ચીંધેલા ભાલ નળકાંઠા પ્રયોગના અલ્પ અનુભવથી આ મુદ્દા વિશે જે સમજણ મેળવી તેના પ્રકાશમાં થોડું કહેવું પ્રસ્તુત ગણ્યું છે.

(૧) સાધુતાના ગુણો જેનામાં હોય તે જ સાધુ. માત્ર સાધુનો વેશ પહેરવાથી અને સાધુજીવનનાં ક્રિયાકાંડો કરવાથી દેખાવે ભલે સાધુ હોય સાચા અર્થમાં તે સાધુ નથી. અંતરંગમાં પણ સાધુતા જ હોય તે જ સાધુ.

(૨) વળી અંતરંગ રૂપ સાધુનાં હોય પણ બહારથી યે તે સાધુ છે એવી ઓળખ માટેનું ચિહ્ન હોવું સમાજ માટે ઉપયોગી અને જરૂરી છે. મતલબ સૂક્ષ્મ ભાવરૂપે અને સ્થૂળ દ્રવ્યરૂપે પણ તે સાધુ છે એમ લોકોને લાગવું જોઈએ.

(૩) આનો અર્થ એ નથી કે સાધુજીવન સ્વીકાર્યું ન હોય તો તેનો મોક્ષ ન થાય. ગૃહસ્થી પણ મોક્ષ મેળવી શકે છે.

(૪) પરંતુ દ્રવ્યે અને ભાવે શોભતું યથાર્થ સાધુજીવન સમાજને પણ પ્રેરક અને માર્ગદર્શક બની શકે છે. સ્વ-પર કે વ્યક્તિ અને સમાજ એમ બન્નેનું કલ્યાણ થવામાં આવું સાધુજીવન નિમિત્ત બની શકે છે. એટલા માટે સાધુજીવનનો મહિમા અને મહત્ત્વ સદાય અંકાતાં રહે છે.

(૫) અલબત્, દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ આ સાધુજીવનના બાહ્યાચારો, ક્રિયાકાંડો, દિનચર્યા, ઉપદેશની શૈલી અને પરિભાષા વગેરેમાં યુગાનકૂળ પરિવર્તન સાધુતાના મૂળ સંસ્કારોને ઢીલા ન બનાવે એ રીતે થવું જોઈએ. મતલબ સંસ્કાર સાતત્ય સાથે પરિવર્તન થવું જરૂરી છે.

(૬) દા. ત. અપરિગ્રહ, ભીક્ષાચારી, પાદવિહાર જેવી બાબતો સાધુજીવન કેળવવામાં દઢાવવામાં અને વિકસાવવામાં મદદગાર અને ઉપયોગી છે. એનું શબ્દાર્થમાં અને ભાવાર્થમાં પણ પાલન થાય એ જરૂરી છે. જૈન સાધુ માટે તો એનું પાલન કડકાઈવાળું હોય છે. એમાં ક્ષતિ થાય તો તેનું પ્રાયશ્ચિત પણ લેવાતું હોય છે.

આ થઈ સાધુતાના મૂલ્યો માટે સાતત્યરક્ષાની વાત.

(૭) પરિવર્તન પણ જરૂરી છે. દા. ત. મોઢા પર મુહપત્તી બાંધેલી જ રાખવી, અતિ કષ્ટદાયી થાય એમ દેહદમન, કે કેશલુંચન જેવી ક્રિયાઓ કરવી. સ્નાન નહિ કરવું, આરંભ સમારંભના દોષો ન લાગે, અને કોઈ કોઈનું કલ્યાણ કરી શકતું નથી માટે સમાજજીવનની સમસ્યાઓથી સાવ અલગ થઈ સ્વકલ્યાણમાં જ રત રહેવું વગેરે બાબતો જૂની પરંપરા અને રૂઢિગત પકડી રાખવાને બદલે એના મૂળ ભાવ સાચવીને વિવેક દૃષ્ટિથી યુગાનુકૂળ પરિવર્તન થવું જોઈએ.

(૮) ધર્મનાં મૂળતત્ત્વો અહિંસા, સંયમ, તપ કે પરિગ્રહ વગેરેને સામાન્ય જનજીવનના વહેવારમાં કંઈક અંશે પણ સ્થાન આપી શકાય છે એવો અનુભવ મુનિશ્રી પ્રેરિત ભાલ નળકાંઠા પ્રયોગમાં થવાથી એમ કહેવાનું મન થાય કે, વર્તમાનકાળે સાધુજીવનની ઉપયોગીતા અગાઉ ક્યારેય નહિ હોય એવી છે. પણ એ માટે સાચા સાધુ જીવનને અનુરૂપ તાલીમ, સાધુ જીવન સ્વીકારતાં પહેલાં અને પછી પણ આપવી જોઈએ.

(૯) અને સહુથી પાયાની વાત સમાજે સાધુઓ પાસે સ્થૂળ ભૌતિક લાભો, ચમત્કાર કે મંત્ર જેવી સિદ્ધ મેળવવાની લાલચથી મુક્ત બનવું પડશે. સમાજમાંથી જ સાધુઓ પેદા થાય છે. એટલે સાચા સાધુ પેદા કરવા માટે પ્રથમ સમાજે પણ સાચા ગૃહસ્થો પેદા કરવા પડશે. એમ પણ કહેવું આ સંદર્ભમાં પ્રસ્તુત ગણાશે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૨-૧૯૮૭

# ૫ આરસી... જાત જોવાની

સન ૧૯૪૭ની વાત છે.

મુનિ શ્રી સંતબાલજીના સાંનિધ્યમાં ઉનાળુ વેકેશનમાં નળકાંઠાના ઝાંપ ગામમાં 'વિશ્વવાત્સલ ચિંતક વર્ગ ચાલતો હતો. મુંબઈ, અમદાવાદ, ભાલ નળકાંઠાનાં ગામડાં અને ગુજરાત સૌરાષ્ટ્રમાંથી ૪૦-૫૦ જેટલા શિબિરાર્થીઓ આવ્યા હતા. ૧૯૪૫માં મુનિશ્રીનું ચાતુર્માસ વીરમગામ હતું. ત્યારથી મને પણ રસ પડ્યો હતો એટલે ઠેઠ સિંધ હૈદ્રાબાદથી ખાસ વખત કાઢીને જેમ ૧૯૪૬ના અરણેજ વર્ગમાં તેમ આ ૧૯૪૭ના ઝાંપ વર્ગમાં પૂરા દિવસ રહ્યો હતો, વિષય હતો : "ધર્મદષ્ટિએ સમાજ રચના"

શ્રી રવિશંકર મહારાજ, શ્રી બબલભાઈ મહેતા, શ્રી પરીક્ષિતલાલ મજમુદાર, ડૉ. હરિપ્રસાદ દેસાઈ વગેરે મોટા મોટા આગેવાનો અને મહાનુભાવો વ્યાખ્યાનો આપવા આવતા.

એક દિવસ મહેમાનો સાથે સમૂહમાં શિબિરાર્થીઓ ભોજન કરવા બેઠા. પીરસવાનું શરૂ થયું. રોટલી પીરસનારને શિબિરના સંચાલકે સૂચના આપી એક મહેમાનના ભાણા તરફ આંગળી ચીંધી કહે,

"ત્યાં હમણાં રોટલી ન મૂકતા. ગરમ થાય છે તે લાવીને આપવાની છે."

આ સાંભળીને મને મનમાં ઓછપ લાગી. "એક જ પંગતે આવો ભેદભાવ ? એ મોટા માણસ છે માટે ? મુનિશ્રી 'સમાનતા'ની 'અભેદ'ની વાતો કરે છે અને એમના જ વર્ગમાં આવું ?"

સ્વમાનનો ધક્કો લાગ્યો. હૈદ્રાબાદ ગયા પછી પણ આ પ્રસંગ વાગોળતો રહ્યો. પછી તો દેશના ભાગલા પડ્યા. સિંધ પાકિસ્તાનમાં ગયું. કાયમ માટે સિંધ છોડવું પડ્યું. ત્યારબાદ ગૂંદી આશ્રમમાં કાયમ માટે આવીને રહેવાનું થયું ત્યાં પેલાં મનનાં જૂનાં જાળાં સાફ થાય એવું સુંદર વાતાવરણ મળ્યું. તેમ છતાં જૂની આદત, જૂના સંસ્કાર, એમ થોડાં એકદમ જાય છે ? ઝાંપ વર્ગના પ્રસંગ જેવાં બીજા નિમિત્તો જાગ્યાં અને મન પર એના જે પ્રત્યાઘાતો પડ્યા તેની કેટલીક વાતો આજે નિમિત્ત મળતાં યાદ આવી ગઈ.

સંસ્થામાં નાના મોટા ગણાતા કાર્યકરો હોદ્દેદારો હોય. કોઈક ને કોક વખત ફર્સ્ટક્લાસમાં જવાનું થાય. મોટરની પણ સગવડ મળે.

અને મને મનમાં થાય,

"એમને આવી સગવડ અને મને...?"

પછી તો મન ગણિત ગણવા લાગી જાય.

અમારા સહુના વડીલ મુ. છોટુભાઈ મહેતા નાનાં મોટાં અનેક જાતનાં વ્રતો લીધાં જ કરે. ચુસ્તપણે પાલન કરે.

હાથનો દળેલો લોટ. (એ હાથે ઘંટી દળીને લોટ સાથે રાખતા) હાથ છડના ચોખા, દૂધ ઘી વગેરે. એકાસણાં આયંબિલ ઉપવાસ પણ અવારનવાર કરે. એનાં પારણાં આવે.

મને એમનાં વ્રતોમાં નહીં પણ એમને માટે ખાસ ગરમા ગરમ થતી રસોઈ અને પારણામાં વધુ રસ.

મનમાં થાય "વ્રત કરવાં તો બહુ સારાં."

સંસ્થાના મોવડીઓ સાથે ક્યાંક જવાનું થાય, યજમાન હોય તે મોવડીઓને જે ઉમળકા, ઉત્સાહથી આવકારે, ઉષ્માથી આદર સત્કાર કરે, પ્રેમથી ખાતરબરદાસ કરે એ બધું જોઈને મનમાં થાય :

"હું પણ ધંધો ધાપો છોડીને આ સેવાકામમાં જોડાયો છું અને મને..."

પછી તો મન તુલનામાંથી ઊંચું જ ન આવે.

અરે મુનિશ્રીને ગોચરીમાં જે ભાવભક્તિથી લોકો ઊંચામાં ઊંચી વાનગી વહોરાવે તે જોઈને મન ન્યાયાધીશની ખુરશી પર બેસી જાય.

અને બીજાનો ન્યાય તોળવામાં તો જાણીએ છીએ કે દાંડી, પલ્લું, કાટલાં ક્યાં કેમ મુકાતાં હોય છે !

આમ શરૂનાં વર્ષોમાં આવો વ્યાયામ નિમિત્તો મળતાં ઠીક ઠીક થયો.

મુનિશ્રી સન ૧૯૬૩થી ૧૯૬૬ના વર્ષોમાં દિલ્હી, કલકત્તા, ભીલાઈ એમ ચાતુર્માસ રહ્યા હતા. પત્રવહેવાર સતત ચાલુ. નાનીમોટી દરેક વાત-વિગત પત્રોમાં લખાય. એક વખત મુનિશ્રીએ પત્રમાં લખ્યું કે, 'પત્રો તો કુરેશીભાઈને વંચાવતા હશો.'

આ શબ્દોમાં મને એવું લાગ્યું કે, જાણે હું પત્રો કુરેશીભાઈને ન વંચાવતો હોઉં એવી કંઈક શંકાનો કે અવિશ્વાસનો ભાવ મહારાજશ્રીના મનમાં મારે માટે આવ્યો હશે ?

સ્વમાનનો કાંટો એમ છોડે ? મુનિશ્રીને મેં આનો ઉલ્લેખ એક પત્રમાં કરી નાખ્યો. અને મુનિશ્રીએ લખ્યું :

"સહજ જ લખ્યું હતું. આવી છાપ પડી તે મારી (મુનિશ્રી) કચાશ જ ગણાય. અને તેથી તે બદલ ક્ષમા માગું છું." વીસવીસ વર્ષ મારાં પાણીમાં જ ગયાં.

કોરા ધાકોર જ રહ્યો. મનને ભારે ધક્કો લાગ્યો. દિવસો સુધી વાગોળતો રહ્યો.

ઝાંપ વર્ગનો ધક્કો અને વાગોળવું એક બહારની દિશાનાં હતાં. આ ધક્કો અને વાગોળવું તદ્દન ઊલટી-અંદરની અંતરની દિશાનાં હતાં. વેદનાની પીડા તો દિવસો સુધી ભોગવવી જ પડી. પણ પછી કંઈક સમજાવા લાગ્યું.

મુનિશ્રીનું સાંભળેલું અને એમનામાં જોયેલું તો જાણે સમુદ્ર જેટલું વિશાળ હતું. જાણવાની શરૂઆત હવે ટીપાથી જાણે થઈ.

**'આરસી સ્વચ્છ છે મારી;**
**ડાઘા લૂછી પ્રતિક્રમું'...**

હમણાં એક નિમિત્ત મળતાં પેલી જૂની પીડાના ઓથાર સાથે મુનિશ્રીનો આ બોધ પણ યાદ આવ્યો.

એક મિત્રે પોતાની વ્યથાની કથા બે ત્રણ પત્રોમાં કેટલાંક કાવ્યોમાં લખી છે. તે પત્રો અને પુસ્તિકા મલ્યાં. એમને હવે કોઈ પણ ઠેકાણે કંઈ જ સારું રહ્યું હોય એમ લાગતું નથી. દેવમંદિરો, ધાર્મિક સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ, સાધુ સંતો, કાર્યકરો, આગેવાનો, કોઈપણ સ્થળ, કોઈપણ હયાત વ્યક્તિ એમને મન શુદ્ધ નથી, સ્વચ્છ નથી. અત્રતત્ર સર્વત્ર ભ્રષ્ટાચાર, જૂઠ, કપટ, દંભ, પાખંડનો પાર નથી. અને લખે છે, "આ દુનિયામાં ઈશ્વર પણ નથી."

આ મિત્રાની આરસી માની લઈએ કે સ્વચ્છ છે. ડાઘા નથી. લૂછી નાખ્યા છે. એમાં પડતું પ્રતિબિંબ માની લઈએ કે હૂબહૂ જ છે !

પણ તેમ છતાં ઉપર મુનિશ્રીનો બોધ એક કડીમાં જે લખ્યો છે તેનો મર્મ આ મિત્ર સમજે તો એટલું જ કહેવું અમારે માટે પ્રાપ્ત થાય છે કે -

સ્વચ્છ આરસી હોય તે સામેની વ્યક્તિ સામે ધરીએ તો સામો, એમાં પોતાની જાતને જુએ પ્રતિબિંબ પોતાનું ભાળે અને જે કંઈક બોધ લેવો હોય તે લે, પણ આપણા માટે તો આ આરસી ભીંત જ બની જાય.

સામે ઊભેલી ભીંતની ભીતરમાં ડોકિયું કરવા માટે તો એ આરસીને ઊલટાવી આપણી જાત સામે જ ધરી દઈએ. અને તો જ આપણે ક્યાં છીએ ? કેવા છીએ ? એનો પરિચય મેળવી શકીએ.

અને ઈશ્વરમાં ભલે ન માનીએ. સત્ય છે તો તે જરૂર એમાં દેખાશે.

જીવનને ઉપયોગી તો આ જ સત્ય બની શકે. સવાલ આરસીમાં જાતે જોવાનો છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૬-૧૯૮૭

---

# ૬ પળેપળ પ્રત્યાઘાત અને પ્રતિક્રિયા

વિશ્વની સકળ જીવસૃષ્ટિમાં શ્રેષ્ઠ સર્જન તે માણસ અને શ્રેષ્ઠનું તંત્ર તો સ્વતંત્ર જ હોય ને ?

અને સ્વતંત્ર હોય તેની દરેક ક્રિયા પણ સ્વપ્રેરિત જ હોવી જોઈએ ને ?

પણ આપણે માણસ જાતે, આપણી પોતાની જાત ઉપર જરા નજર ફેરવી લેવા જેવી છે. લાખો-કરોડોમાં એકાદ વિરલ અપવાદ હોઈ શકે છે. બાકી આપણે સહુ બીજાના દોરવ્યા દોરવાઈ જઈએ છીએ. પેલા વિરલ વ્યક્તિની ક્રિયા સ્વપ્રેરિત હોઈ એનું કર્મ સ્વકર્તવ્ય-સ્વધર્મ બની જાય છે. આપણે બીજાના દોરવ્યા પ્રતિક્રિયારૂપ કર્મ કરીએ છીએ. તે પરપ્રેરિત હોઈને તે સ્વકર્તવ્ય-સ્વધર્મ બની શકતું નથી.

વહેલી પરોઢના ઊઠીએ ત્યારથી તે મોડી રાતના સૂઈએ ત્યાં સુધીની બધી જ દિનચર્યા જોઈ લઈએ. ક્ષણેક્ષણ પળેપળ આઘાત-પ્રત્યાઘાત પ્રતિક્રિયા.

કાને અવાજ સાંભળ્યો - સૂરિલું સંગીત કે કર્કશ બરાડા.

આંખે આકાર જોયો - રૂપ કે કુરૂપ.

જીભે સ્વાદ ચાખ્યો - મધુર કે કડવો.

નાકે ગંધ સૂંઘી - સુગંધ કે દુર્ગંધ.

ચામડીએ સ્પર્શ કર્યો - સુંવાળો કે બરછટ

જે હો તે હો. કાં ગમતું અણગમતું. ગમે છે ? હા. તો તેના તરફ મમતા, પ્રેમ મોહ, આસક્તિ, રાગ.

નથી ગમતું ? તો તેના તરફ અભાવ નફરત, ધિક્કાર ક્રોધ, દ્વેષ.

પેલી વસ્તુ તો તેના સ્થાને જે છે તે છે. પણ આપણને તે સારી લાગે તો રાગ થયો, ખરાબ લાગી તો દ્વેષ થયો નિમિત્ત મળ્યું. આઘાત આવ્યો. પ્રત્યાઘાત પડ્યો જ છે. પ્રતિક્રિયા થઈ જ છે. જેવું નિમિત્ત. જેવો સમય. જેવા સંયોગો. તે પ્રમાણે ક્યાં તો મનથી, ક્યાં તો વચનથી ક્યાં તો શરીરથી પ્રતિક્રિયા એ જ ક્ષણે જોઈ જ જાણો.

કંઈ ને કંઈ કર્મ કરીએ જ છીએ.

આપણે માણસ. સ્વ.ના દોરવ્યા ન દોરવાયા. બીજાના નિમિત્ત બનનારના-દોરાવ્યા દોરવાયા. સ્વકર્તવ્ય-સ્વધર્મ તો ક્યાંય ઊંડા પાતાળમાં આપણામાં જ

અંદર દટાઈ ગયેલ છે. એના ઉપર પડ ચડી ગયાં છે. અંદર સૂર્ય છે. ઉપર ઘટાટોપ વાદળ ! અંદર પ્રકાશ ઉપર ઘોર અંધકાર !

વળી આ અંધકારથી એવા તો ટેવાઈ ગયા છીએ કે અંદર પ્રકાશ છે એનો ખ્યાલ સુધ્ધાં તો રહ્યો નથી, પણ અંધકારને જ પ્રકાશ માની લઈને વહેવાર ચલાવીએ છીએ. અને આવા વહેવારથી વળી પાછા પેલા અંધકાર ઉપર એક વધુ પડ ઓછાડતા જઈએ છીએ.

કોઈ વિરલ વ્યક્તિ એવી નીકળે ખરી કે આ ઉપરનાં અંધારાં ઉલેચીને અંદર પડેલો પ્રકાશ પામે.

આ વ્યક્તિ પ્રકાશ એટલા માટે પામી શકે છે કે એ અંદર જુએ છે. આપણે બહાર જોઈએ છીએ. બહાર નજર કરતું મોં ફેરવીને અંદર નજર કરતું થાય તો અને ત્યાર પછી અંદરના પ્રકાશને પામવા માટે, ઉપરનાં અંધારાને ભેદવા દૃષ્ટિને વિશિષ્ટરૂપે કેળવીએ, અંધારપટને કાપવા જરૂરી સજાગતા સાથે સજ્જ બનીએ તો પેલી વિરલ વ્યક્તિની જેમ પ્રકાશ પામી શકીએ.

સહુ પ્રથમ જરૂર છે, મોં ફેરવવાની. અવળી દિશામાં મોં છે તે સવળી દિશામાં લઈ જવાની.

અવળાનું સવળું કરવાની કોઈ એક જ રીત બધાને એકસરખી લાગુ પડે એવું નથી. દરેકની કક્ષા જુદી હોય. વિપશ્યના પણ એક રીત છે. એક પદ્ધતિ છે. પણ મોં ફેરવવાનું કામ કરી શકે. વિ. એટલે વિશિષ્ટ અને પશ્ય એટલે દૃષ્ટિ. પશ્યના એટલે જોવાની રીત. વિશિષ્ટ જોવાની રીત. મતલબ બહારથી ઉપરથી સ્થૂળ રીતે નહિ, અંદર સૂક્ષ્મ વિશિષ્ટ રીતે જોવું.

માત્ર જોવાથી તો લક્ષને પહોંચાય નહિ. પગલું ભરવું પડે. પગલું ભરવા માટે શક્તિ જોઈએ. એ શક્તિ મેળવવાનો પુરુષાર્થ તો ત્યાર પછી પણ કરવાનો જ રહે છે.

આમ મોં ફેરવીએ. પછી પણ પુરુષાર્થ કરતા રહીએ. તો પછી પ્રકાશ પામવા માટેનું કર્તવ્ય આપણું બનશે. બીજાના દોરવ્યા નહિ દોરવાઈએ. પ્રતિક્રિયા નહિ કરીએ. સ્વના-અંતઃકરણના-પ્રેર્યા. સ્વકર્તવ્ય. સ્વધર્મરૂપ કર્મ કરતાં કરતાં અંધારપટ ભેદીને પ્રકાશનાં કિરણ દેખી શકીશું.

વિશ્વવાત્સલ્ય : ૧-૧૨-૧૯૮૭

# ૭ નીતિધર્મ અને અર્થ વહેવાર

શ્રી રાધાકૃષ્ણ બજાજ અને શ્રી શરદ જોશીની તાજી મુલાકાતનો અહેવાલ 'गोग्रास' અંક ૧૩૩ નવેમ્બર' ૮૭માં બજાજજીએ આપ્યો છે. એમાંથી શ્રી શરદ જોશીના કેટલાક પ્રશ્નો અને વિધાનો પ્રથમ જોઈએ.

(૧) આપે (બજાજજીએ) હિંદુ પરિવારમાં જન્મ લીધો છે એટલા માટે ગોરક્ષાની વાત કરો છો. મુસ્લિમ પરિવારમાં જનમ્યા હોત તો શું ગોરક્ષાની વાત કરત ?

(૨) પરદેશમાં ગાય રોજનું સામાન્યતઃ આઠ લીટરથી વધુ દૂધ દે તો જ આર્થિક રીતે પરવડે એમ ગણાય છે. એથી ઓછા દૂધવાળી ગાયને નષ્ટ કરવામાં આવે છે, વાછરડાંને તો માંસ માટે જ રાખે છે. ઘરડી બેકાર ગાયો રાખીને દેશનો બોજો શા માટે વધારવો ?

(૩) ભારતમાં જે ખેડૂત પોતાનાં બાળ બચ્ચાંને પણ નથી પાલવી શકતો તે ઘરડી ગાયોને ક્યાંથી ખવડાવશે ?

(૪) રાસાયણિક ખાતરને બદલે દેશી ખાતર વાપરવાથી ઊપજ ઘટી જશે. તેનું નુકસાન કોણ આપશે ?

(૫) ભેંસના દૂધમાં ઘી વધુ છે. ભેંસ દૂધ વધુ આપે છે. પાડાથી ખેતી થઈ શકે છે. મતલબ ગાયને બદલે ભેંસ આ બધાં કામોની પૂર્તિ કરી શકે છે.

શ્રી શરદ જોશીના આ પ્રશ્નોના શ્રી બજાજજીએ ભારતની વાસ્તવિકતાઓ અને વહેવારને ધ્યાનમાં રાખીને તેમ જ અધ્યાત્મલક્ષી ધર્મપ્રધાન અર્થદૃષ્ટિથી સચોટ અને વિશદ્ જવાબો આપ્યા જ છે. પરંતુ ત્યારપછી પણ બજાજજી લખે છે :

"શ્રી શરદ જોશીએ આપણી સામે કેટલાક વિચારણીય મુદ્દાઓ ઊભા કર્યા છે.

(૧) ખેતીકામ, દૂધ અને ખાતર એ ત્રણે દૃષ્ટિએ ભારતમાં ગાય-બળદ વધુ ઉપયોગી છે કે ભેંસ-પાડા ?

(૨) અર્થવ્યવસ્થામાં ધર્મ (અધ્યાત્મ)નું સ્થાન છે કે કેમ ? શું અધ્યાત્મ વિનાની અર્થવ્યવસ્થા અનર્થકારી છે ?

(૩) ઘરડાં અને અનાર્થિક ગાય બળદનો નાશ જ કરવો પડે કે એને બચાવવાનો પણ કોઈ રસ્તો છે ?

(૪) રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ ચાલુ જ રાખવો પડે કે એને બંધ કરવાનો પણ કોઈ રસ્તો છે ?

(૫) ગાય બળદને આજ પૂરું કામ નથી મળતું. પૂરું કામ મળ્યા વિના એમને જીવવાનો કોઈ સંભવ નથી. શું માણસ અને પશુને પૂરું કામ મળે એવો કોઈ રસ્તો છે ?

આ પંચ મુદ્દા તારવીને પછી બજાજજી લખે છે :

"આમ પાંચ પાયાના સવાલો આપણી સામે છે. પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા એનો જવાબ દેવાનો રહે છે. આપણે ઊંડાણથી વિચાર પણ કરવાનો છે અને પ્રયોગ પણ કરવાનો છે."

શ્રી જોશીજીના પ્રશ્નોના બજાજજીએ સુંદર અને ઉચિત જવાબો ઉપરોક્ત મુલાકાતમાં જ આપી દીધા છે. તેમ છતાં ઉપરના મુદ્દાઓ વિચારવા માટે બજાજજીએ જાહેરમાં મૂક્યા છે.

આ વિચારણામાં પ્રધાન મુદ્દો એકમાત્ર અર્થના પ્રાબલ્યનો છે. કેટલાક વિચારકો કહેતા પણ હોય છે કે "અર્થની સાથે નીતિ જેવા શબ્દો જોડવાની કશી જરૂર નથી. અર્થ એટલે અર્થ. નીતિ સાથે અર્થને કોઈ સંબંધ નથી." જગતના વ્યવહારો એકમાત્ર પૈસાથી જ ચાલે છે એમ આનો અર્થ થયો ગણાય.

વ્યવહારમાં પૈસાનું મહત્વ જ નહિ, પ્રભુત્વ પણ સ્વીકાર્યા પછીયે કહેવું જોઈએ કે માણસનું જીવન માત્ર અર્થલક્ષી નથી.

નીતિ, ધર્મ કે અધ્યાત્મ શબ્દને એક બાજુ રાખીએ અને કેવળ અર્થને જ કેન્દ્રમાં રાખીએ તો માણસ અનીતિ કરીને વધુ ધનસંપત્તિ એકઠી કરે એમાં કોઈ હરકત ન માનવી જોઈએ. આ સ્પર્ધામાં વધુ અનીતિ કરવાવાળો જ આગળ નીકળી જાય એ સ્વાભાવિક છે અને પછી ધન મેળવવા જ નહિ, એને સાચવવા પણ, ધનબળ અને રાજ્યસત્તાના બળની સાંઠગાંઠ અનિવાર્ય બને. અંતિમમાં યુદ્ધ પણ આવી પડે.

નૈતિક મૂલ્યો અને નૈતિક વહેવારને નેવે મૂકીને મેળવેલો અર્થ છેવટે તો તે વ્યક્તિ અને સમાજ બંનેને માટે નિરર્થક જ બને છે. નુકસાન જ કરે છે. એટલે જ 'નીતિનો રોટલો જેવા શબ્દ પ્રયોગનું મૂલ્ય કેવળ આદર્શવાદ નથી, જીવનના

વહેવારમાં પણ એની કિંમત છે જ. અલબત્ત એકલી 'નીતિ' કે એકલો 'રોટલો' નહિ "નીતિનો રોટલો."

આ પાયાની વાત ભાઈ શરદ જોશી અને પેલા વિચારકો સ્વીકારતા હોય તો પછી ઉપરના પ્રશ્નો અને મુદ્દાઓના જવાબો સહેલાઈથી મેળવી શકાય તેમ છે.

એકમાત્ર આર્થિક દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તેથી માત્ર પોતાની જાતની રોજી-રોટી, સલામતી અને શાંતિની ચિંતા કરવાની રહે. અને પછી એ વહેવાર વડે માણસ માત્ર ઘરડાં ગાય બળદને જ નહિ, ઘરડાં માણસોને પણ અનાર્થિક ગણી નિરુપયોગી માનશે. પછી એને રખડતાં મૂકે, પાંજરાપોળ કે ઘરડાઘરમાં મૂકે કે કતલખાને ધકેલે.

બીજી તરફ નીતિના રોટલાનો વિચાર કરવામાં આવે તો જાત સાથે બીજાની રોજી રોટી સલામતી અને શાંતિની ચિંતા પણ કરવાની થશે. અને પછી એ વહેવાર વડે માણસ ઘરડાં માણશ જ નહિં; ઘરડાં ગાયબળદ જ નહિ; બીજાં પશુ પંખી અને જીવજંતુની રક્ષા કરવા સુધીની ચિંતા કરતો થશે.

આ તત્ત્વચર્ચા નથી. નક્કર જીવનવહેવારની વાત છે. અને તેથી જ આપણા પ્રયોગવીર ચિંતકોની અનુભૂતિમાંથી મોક્ષમાર્ગના ક્રમમાં અર્થ અને કામના પ્રાબલ્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ એ ક્રમમાં પ્રથમ નંબર તો ધર્મને જ આપ્યો છે. ધર્મ આધારિત અર્થ અને ધર્મ આધારિત કામ એમ કહ્યું છે.

જેમને ધર્મ અને મોક્ષ જેવા શબ્દોનો ઉપયોગ કર્યા વિના કેવળ અર્થ અને કામનું સાચું સુખ મેળવવું હોય તે મિત્રોએ પણ નીતિમત્તાના ધોરણો જેવાં જ ધોરણો એમના અર્થ અને કામના વહેવારમાં સાચવવાં જ પડે તો જ એમનો અર્થ સરશે. નહિતર એમનો એ વહેવાર નિરર્થક જ બનશે.

બોલવામાં નીતિધર્મ શબ્દને અર્થ સાથે જોડીએ કે ન જોડીએ જીવન કેવળ ધનરૂપી અર્થથી જ સાર્થક નથી બનતું. જીવનના વહેવારોમાં નીતિધર્મ સૂચવે છે તે ધોરણોથી જીવન સાર્થક બને છે તે સિવાય જીવન નિરર્થક છે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૨-૧૯૮૭

# ૮ પ્રાર્થના નિરર્થક કે સાર્થક ?

"ગૂંદી-રાણપુરનો પ્રવાસ અત્યંત ફળદાયી રહ્યો. મને પોતાને ઘણું જાણવાનું મળ્યું. પાયાનું કામ કરનાર સંસ્થાનો પ્રત્યક્ષ અનુભવ થયો.

હું સૌથી વધુ પ્રભાવિત થયો શ્રી અંબુભાઈ શાહથી. તેમના જેવા સંન્નિષ્ઠ કાર્યકરો ગુજરાતમાં ગણ્યાગાંઠ્યા હશે. ગજબનું કામ તેમણે કર્યું છે. આવા પાયાનું કામ કરનારા આપણી પાસે વધુ માણસો હોય તો ગુજરાતની સિકલ ફરી જાય. મને આશ્રમની બધી જ વસ્તુઓ ગમી પણ ગુંદી-રાણપુર આશ્રમે સ્ત્રીઓમાં જે અભૂતપૂર્વ આત્મનિર્ભરતા જગાવી છે તેથી અત્યંત પ્રભાવિત થયો. તેઓ જરાય શરમાયા વિના મારા પ્રશ્નોના જવાબ આપતી હતી. અને તેમના મોં પર આર્થિક રીતે પગભર થવાનો આત્મવિશ્વાસ અને તેજ હતું.

**પ્રાર્થનામાં મને વિશ્વાસ નથી. એ Conformist personalities ઊભી કરે છે. તે સમય બગાડે છે અને તે એક નિરર્થક પ્રવૃત્તિ છે. રોજ ને રોજ પ્રાર્થનામાં - સ્ત્રીઓનો અડધો કલાક બગડે તે મને ગમ્યું નહીં.**

**અમદાવાદ** **ધવલ મહેતા**

તા. ૧લી ડિસેમ્બર ૧૯૮૭ના 'નયા માર્ગ' પાક્ષિકમાં ભાઈ ધવલ મહેતાએ ગૂંદી-રાણપુર વિસ્તારની મુલાકાત પછી પોતાનો પ્રતિભાવ જાહેરમાં વ્યક્ત કર્યો છે. ભાઈ ધવલ મહેતાને પ્રાર્થનામાં વિશ્વાસ નથી. પ્રાર્થનામાં જતો સમય એ સમયનો બગાડ છે અને પ્રાર્થનાની પ્રવૃત્તિ નિરર્થક છે એમ માની લઈને પ્રાર્થના તરફ પોતાનો અણગમો એમણે વ્યક્ત કર્યો છે. એમની પારદર્શક નિખાલસતા અને સચોટ સ્પષ્ટ અભિપ્રાય આવકારવાલાયક છે.

એમની વાત સાચી છે કે, સંસ્થામાં ચાલતી આવી પ્રાર્થના જેવી પ્રવૃત્તિમાં અનિચ્છા હોય છતાં ભળવું પડે. સંસ્થામાં કામ કરવું હોય તો વ્યવહારમાં આમ બાંધછોડ કરવી પડે અને ખોટું સમાધાન કરવા જેવી મનોવૃત્તિ આથી કેળવાય એમ બને. બધાં બહેનો દિલપૂર્વક પ્રાર્થનામાં ભળે છે એમ માનવા જેટલા ભ્રમમાં તો અમે પણ નથી. અડધો કલાક નહિ પણ દસેક મિનિટ સમૂહપ્રાર્થના કામ પર ચડતાં પહેલાં થાય છે. પણ ધવલભાઈની દૃષ્ટિએ તો જે કંઈ સમય જાય છે તે, ભલેને દસ મિનિટ પણ તેય નિરર્થક છે.

પ્રાર્થનામાં અવિશ્વાસ હોવો કે વિશ્વાસ હોવો, સમય નિરર્થક સમજીને અણગમો

થવો કે સમય સાર્થક સમજીને ગમો રાખવો એ બાબતમાં તો દરેક વ્યક્તિ પોતપોતાની સમજણ મુજબ જ માને તેમાં અમારે કંઈ કહેવાપણું ન હોય. વળી પ્રાર્થનાના તત્ત્વજ્ઞાનમાં અમારી ચાંચ ડૂબતી નથી એટલે એ વિશે તો એના જાણકાર અધિકારી પુરુષ જ કહી શકે. પણ ધવલભાઈ કહે છે તેમ પ્રાર્થના નિરર્થક નહિ, સાર્થક હોય, મતલબ પારલૌકિક નહિ, આ લોકમાં અને ધનરૂપી અર્થની દૃષ્ટિએ પણ સાર્થક હોય તો તે સમયનો બગાડ છે એમ ન ગણાય એટલું તો ધવલભાઈ પણ સ્વીકારશે એમ માનું છું. વળી મનોવિજ્ઞાનમાં તો ધવલભાઈને પણ રસ હશે. તેથી અમારે એમ કહેવાનું છે કે પ્રાર્થનામાં જતો આ સમય નિરર્થક નથી. અર્થસાધક છે. બગાડ નથી, સુધાર છે. અને મનોવિજ્ઞાનની રીતે પ્રમાણ આપીને એની ખાતરી કરાવી શકાય એમ છે.

કઈ રીતે એ જોઈએ :

(૧) કામ પર ચડતાં પહેલાં બધાં બહેનો દસેક મિનિટ નાત, જાત, કોમ, જ્ઞાતિ, ગરીબ, તવંગરના ભેદભાવ વિના જેમ આવતાં જાય તેમ એક પછી એક વ્યવસ્થિત હારમાં સમૂહમાં સમાન રીતે એક સાથે બેસે છે. આ એક વાત.

(૨) બીજી વાત આંખો બંધ કરીને બેસે છે. જેનાથી બહારના દૃશ્યોથી બાહ્યમનથી ઘડીભર અળગાં થઈને મનની અંદર નિરખવાની તક અનાયાસે મળે છે.

(૩) પ્રાર્થના કાવ્યરૂપે બોલાતી હોઈ સમૂહગાનથી એક વાતાવરણની જમાવટ ભલે થોડી પળ માટે પણ થાય છે.

(૪) બોલાતા શબ્દોમાં રામ અને રહીમ, કૃષ્ણ અને કરીમ, ઈશ્વર અને અલ્લાહખુદા, મહંમદ અને મહાદેવ, બુદ્ધ અને મહાવીર, અશોજરથુસ્ત અને ઈસુખ્રિસ્ત એમ જગતના ધર્મસંસ્થાપકોના ફાતિહા અને હિંદુધર્મની ગીતા, રામાયણના પાઠના ઉચ્ચારો થાય છે. ‘સર્વથા સહુ સુખી થાઓ’ જેવો શાંતિમંત્ર બોલાય છે. હિંદુ ને મુસલમાન, હરિજન ને બ્રાહ્મણ સહુ એક સાથે આ બોલે છે.

(૫) કોઈ વખત પ્રાર્થના પછી ધવલભાઈ જેવા અભ્યાસુ મહેમાનોનો સંચાલકો પ્રસંગોચિત વાતચીતમાં સ્થાનિક દેશપરદેશ કે સંસ્થાના પ્રવાહોની માહિતી જાણકારી આપતા હોય છે.

અલબત્ત, આ સમયે આ બહેનોનું કામ બંધ હોવાથી એટલા સમયનું આર્થિક વળતર એ ગુમાવે છે. અને એટલા પૂરતો ધવલભાઈનો ‘નિરર્થક’ અર્થ બરાબર જ છે.

પણ ધવલભાઈ તો અભ્યાસુ છે ને ? એમને પૂછીએ ઉપર ૧ થી ૫ પેરામાં (ઉપરાંત બીજું ઉમેરી શકાય) લખ્યું તેમ સમૂહપ્રાર્થના કે પ્રવચનને નામે જે કંઈ બોલાય, સંભળાય, પરિચય થાય એની કોઈ અસર આ બહેનો પર થતી હશે ?

અમારો જવાબ તો 'હા'માં જ છે. અસર અવશ્ય થાય છે. અલબત્ત, પ્રાર્થનાના શબ્દો, સંભવ છે પોપટવાણી કે રેકર્ડની જેમ બોલાઈ જતા હોય. જીભ બોલતી હોય અને મન તો ક્યાંય ભટકતું હોય. પ્રાર્થના પૂરી થાય અને એકદમ ઝબકીને જાગે એમ ખ્યાલ આવે કે પ્રાર્થના પૂરી થઈ. આવું અમારા દાખલામાં તો અમે અનુભવીએ છીએ. તેમ છતાં માત્ર એટલા જ ઉપરથી ને તરત એવા તારણ ઉપર આવી જવું કે સમયનો બગાડ છે તો અમારે એમ કહેવું છે કે,

"ના, ઉતાવળ ન કરો. ધીરજ રાખો. અનુભવ કરો." શરૂમાં સમયનો બગાડ લાગે છે. પણ સાતત્યપૂર્વક આમ પ્રાર્થના કરવી ચાલુ રાખવાથી એક સામૂહિક મન તૈયાર થાય છે. બોલનારના મનમાં એ બોલની જાણે કે રેખાઓ પડતી, સંઘરાતી હોય છે. નિમિત્ત મળતાં સુષુપ્તમનમાં સંઘરાયેલું કામ આપે જ છે. જગતમાં કશું જ નિરર્થક નથી જતું. ઉપરના ૧ થી ૫ પેરામાં કહ્યું તે બધાથી મન પ્રભાવિત બને છે એમાં પરિવર્તન થતું જ આવે છે.

આ પરિવર્તન થતા જતા મનની અસર શરીરની ઇન્દ્રિયો ઉપર પણ થાય છે. ઇન્દ્રિયો કેળવાય છે. કેળવાતી જતી ઇન્દ્રિયો વડે કર્મકૌશલ્ય વધે છે. અને સરવાળે સારું કામ થવાથી અર્થપ્રાપ્તિમાં પણ લાભ થાય છે.

આ કોઈ તત્ત્વચર્ચા નથી થતી. રાણપુર કેન્દ્રમાં વર્ષોથી પ્રાર્થના પ્રવૃત્તિશીલ છે એના અનુભવ પછી પ્રત્યક્ષ, વ્યવહારમાં મળેલા પ્રમાણથી સાબીત થયેલી હકીકત લખાય છે.

ઉદાહરણ અનેક છે. સ્થળ સંકોચની મર્યાદામાં થોડો એનો ઉલ્લેખ કરી લઈએ :

૧. ઓઝલ પડદાપ્રથા સદંતર ગઈ.
૨. ત્યક્તા તરછોડાયેલા બહેનોના ભાવ પુછાયા.
૩. ઘરમાં બહેનોનું ચલણ થયું-વધ્યું.
૪. કોમી એકતા વધી. નાતજાતના ભેદભાવ ઓછા થયા.
૫. સાંપ્રદાયિકતા કટ્ટરતા ઘટી.
૬. બીજા ધર્મો વિશેની સમજણ વધી. સર્વધર્મ સમભાવ થયો.

૭. કામ કરવાની કુશળતા વધી.

ખુદ ધવલભાઈએ કહ્યું છે તેમ 'આ બહેનોએ જે અભૂતપૂર્વ આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા જગાવી છે અને એમના મોં પર આર્થિક રીતે પગભર થયાનો આત્મવિશ્વાસ અને તેજ દેખાય છે'' - તેમાં જેમ ધનરૂપી અર્થનો હિસ્સો છે, તેમ આ પ્રાર્થના દ્વારા કેળવાયેલા મનનો પણ હિસ્સો છે જ. કદાચ ધન કરતાં પણ વધુ.

મતલબ આ પ્રાર્થના પ્રવૃત્તિથી ધન કમાવાની ક્ષમતા તો વધે છે. ઉપરાંત સંસાર વ્યવહારમાં આવતી સમસ્યાઓને હલ કરવા માટે જોઈતી મનની ક્ષમતા પણ વધે છે. શરીર છે તો તેના પોષણ માટે ધનરૂપી અર્થ જોઈએ. તેમ શરીર સાથે જ લાગેલા મનની ક્ષમતા-સમજણ વધારવી જોઈએ. પ્રાર્થના આ બંનેની ક્ષમતા વધારવામાં ઉપયોગી બને છે એવો અમારો અનુભવ છે.

ધવલભાઈ તો શિક્ષક છે. કૉલેજમાં એ ભલે 'પ્રાર્થના' જેવા શબ્દનો ઉપયોગ ન કરતા હોય, પણ પદ્ય કે ગદ્યમાં પોતે બોલે, વિદ્યાર્થીઓની પાસે બોલાવે, એના અર્થ સમજાવે, એ બધામાં પ્રત્યક્ષ ઉત્પાદન અર્થોપાર્જન નથી છતાં, ઉત્પાદન અને અર્થઉપાર્જન માટે એની જરૂર સ્વીકારે છે માટે તો એ પોતાનો સમય આપે છે અને વિદ્યાર્થીઓનો સમય પણ લે છે. કારણ કે સમય નિરર્થક નથી, સાર્થક છે એવું એ સમજે છે.

આમ જ પ્રાર્થના પણ નિરર્થક નથી જ.

પણ આ તો અમે લેખમાં લખ્યું. બૌદ્ધિકો-કેળવણીકારો તે જાતે જ પ્રમાણિત કરી શકે. વળી અમે એક રીતે સ્પષ્ટ છીએ. સર્જનમાં નિમિત્ત છીએ ને ? ''સીદીભાઈને સીદકાં વહાલાં''ની જેમ પક્ષપાત પણ હોય. દ્રષ્ટા, સાક્ષીભાવે અભ્યાસ કરીને પછી તારણ કાઢે એ વધુ તટસ્થ ગણાય.

ભાઈ ધવલભાઈ જેવા મિત્રોને અમારું ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે કે રાણપુર કેન્દ્રમાં થોડા દિવસ રહેવા આવો. કૉલેજ-યુનિવર્સિટીમાં અભ્યાસ કરાવો છો, અહીં આ બહેનોનો એમના પરિવારનો અભ્યાસ કરો. કોઈને આ વિષય લઈને પીએચ.ડી. થવું હોય તો એને લગતો વિપુલ માત્રામાં મસાલો પૂરો પાડી શકાય એમ છે. એટલું ખેડાણ અહીં થયું જ છે. અમને પણ એમાંથી જાણવા શીખવા મળશે એ લાભ થશે.

ત્યારપછી ધવલભાઈ આ પ્રાર્થના ઉપર ફરીથી લખે એવી અમારી ઇચ્છા સાથે આ વાત પૂરી કરીએ.

વિશ્વવાત્સલ્ય : ૧-૧-૧૯૮૮

# ૯ ક્રાંતિપૂર્ણ આત્મસંયમ

સામ્યવાદી રશિયાના સર્વેસર્વા ગણાતા શ્રી ગોર્બોચોવે તા. ૨જી નવેમ્બર ૧૯૮૭ની ક્રેમલીનની સભાને સંબોધી છે. "પેરેસ્ટ્રોઈકા" (આ રશિયન શબ્દનું ગુજરાતી "નવરચના" થાય) નામના પુસ્તકમાં આ પ્રવચન પ્રગટ થયું છે. એમાં ગોર્બોચોવે કહ્યું છે :

"પેરેસ્ટ્રાઈકા" ક્રાંતિને આગળ ધપાવે છે અને આજે "રિવોલ્યુશનરી સેલ્ફ કન્ટ્રોલ" (ક્રાંતિપૂર્ણ આત્મસંયમ)ની આવડત કેળવવાનું અનિવાર્ય બની ગયું છે."

(છાપામાં આવેલા સમાચારો ઉપરથી આટલું લખ્યું.)

સામ્યવાદના શબ્દકોશમાં ધર્મ, અધ્યાત્મ કે આત્મા જેવા ભારતને પરિચિત શબ્દો ન હોય એવી અમારી સમજણ આજ સુધી હતી અને છે. સને ૧૯૪૮ની ૩૧મી જાન્યુઆરીએ ધોળી (હડાળા ભાલ પાસેના) ગામમાં વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગની પૂર્ણાહુતિ હતી. સમાપન પ્રવચનમાં, એક શિબિરાર્થીના પ્રશ્નના જવાબમાં મુનિશ્રી સંતબાલજીએ આ મતલબનું કહ્યું હતું :

> "ભૌતિક વિજ્ઞાનમાં રશિયા જરૂર આગળ છે. પણ એણે એક દિવસ આત્મવિજ્ઞાન શીખવા ભારતમાં આવવું પડશે. વિશ્વશાંતિ માટે આ અનિવાર્ય બનશે. ભારતે આત્મતત્ત્વનું કરેલું ખેડાણ ભારતને આ ક્ષેત્રે ગુરુપદે સ્થાપી શકે એમ છે."

અમે - શિબિરાર્થીઓનો મોટો ભાગ મુનિશ્રીના શબ્દોને ભક્તિથી સાંભળી રહ્યા હતા. પણ આમ બને એવી શ્રદ્ધા કે નિષ્ઠા કેટલામાં હશે એ સવાલ હતો જ.

સીત્તેર વર્ષનો સાતત્યપૂર્ણ અને એકચક્રી શાસન વડે અનુભવ લીધા પછી રશિયામાં સર્વેસર્વા "ક્રાંતિપૂર્ણ આત્મસંયમ"ની આવડત કેળવવી આજે જ્યારે અનિવાર્ય માને છે, ત્યારે ચાલીસ વર્ષ પહેલાં ૧૯૪૮માં બોલાયેલ મુનિશ્રીનાં વેણનું હાર્દ વધુ સ્પષ્ટ થાય છે.

રશિયાના તત્ત્વજ્ઞાન અને કાર્યપદ્ધતિમાં આત્મતત્ત્વને કે સંયમને કેટલો અવકાશ છે એ ખબર નથી. આ આત્મસંયમ શબ્દ ગોર્બોચોવ ક્યાંથી લીધો એય સવાલ ખરો. પણ રશિયાને હવે 'નવરચના'ની જરૂર છે અને 'નવરચના' જ ક્રાંતિને આગળ ધપાવશે એટલું જ નહિ એને માટે 'ક્રાંતિપૂર્ણ આત્મસંયમ'ની આવડત પણ જોઈશે. અને એથી આગળ વધીને એવી આવડત કેળવવી અનિવાર્ય છે, એમ પણ

એને સમજાયું છે.

રશિયાની આ સમજણ કેવળ શબ્દોમાં નથી, પણ એ દિશામાં સક્રિય એવું આચરણ કરવું જરૂરી છે એમ એ સમજે છે. એની સાબિતી પણ રશિયા અમેરિકા વચ્ચે તાજેતરમાં 'અણુશસ્ત્ર નિઃશસ્ત્રીકરણ કરાર' થયો એમાં જોવા મળે છે. આ કરારમાં સહી કરનારા અમેરિકા-રશિયા બંને આ માટે વિશ્વભરના શાંતિવાંચ્છુઓના અભિનંદનના અધિકારી બન્યા છે. પણ આ કરારમાં વિશેષ ઉત્કટતા રશિયાની જોવા મળી છે, અને તેથી વિશેષ અભિનંદન અને યશ રશિયા ખાટી જાય એ સ્વાભાવિક જ છે.

માણસ જે ગામ પહોંચવા ધારે, એનાથી સાવ ઊલટી જ દિશામાં એ હરણફાળે દોડતો હોય; શ્વાસે હાંફતો હોય, થાક્યો હોય ભલે, એવે વખતેય પણ કોઈ એને કહે કે "તું જે ગામ જવા તાકે છે એ આ દિશામાં નથી." અને જો એ થાકેલો માણસ સાચી દિશા કઈ એ એને એ વખતે ખબર નથી અને થોભી જાય તો ખોટી દિશામાં જતો માત્ર અટકે છે. એનુંયે મૂલ્ય ઓછું નથી. ધીરજ રાખે થાક ઉતારે ત્યાં કોઈક સાચી દિશા દેખાડનાર મળેયે ખરો અને જો સાચી દિશામાં ભલે મોઢું જ ફેરવી ઊભો રહે તોયે એનું વળી ઓર મૂલ્ય વધી જાય છે. એમ કરતાં કરતાં થાક ઊતરી જાય. નવી શક્તિ મળતી જાય તો દિશા તો સાચી જ પકડી છે તો વળી પાછો એ પેલી હરણફાળે ધારેલા ગામે પહોંચશે જ.

આમ આજે વિનાશને આરે લાવીને અણુશસ્ત્ર દોડની હરીફાઈએ જગતને ઊભું રાખ્યું છે. રશિયા-અમેરિકા એ સ્પર્ધામાં મુખ્ય હરીફો છે. આ ભયંકર શસ્ત્રદોડની તુલનામાં તાજેતરનો, આ કરાર ભલે નગણ્ય હોય, પણ દેશો ઊભા તો રહ્યા જ છે, વિચારતા તો થયા જ છે. શાંતિ માટે શસ્ત્ર અનિવાર્ય છે એ અર્થ એમને નિરર્થક લાગ્યો છે. આનું મૂલ્ય ઓછું આંકવું જોઈએ નહિ.

સાચો અને ટકાઉ અર્થ સંયમ છે. આ વાત ભલે આજે ગોર્બોચોવના શબ્દોમાં હોય. આ કરારની દિશામાં સ્થિર ઊભા રહેવાની અને આગળ પગલું ભરવા જેવી શક્તિ રશિયા-અમેરિકામાં આવે એ માટે વિશ્વભરના શાંતિવાંચ્છુઓએ રશિયા-અમેરિકાને પ્રેરવાં જોઈએ. પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવું જોઈએ. ગુરુ થવાનું ગુમાન ભારત ન કરે, પણ પેલી સંયમની આવડત કેળવવાની રશિયા મંશામાં પૂર્તિ તો નમ્રભાવે જરૂર કરી જ શકે ને ?

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧-૧૯૮૮

## ૧૦ પથ્થર શાંતિ આપે છે; માણસ ક્લેશ–સાચું શું ?

અમદાવાદની આજુબાજુમાં કેટલાંક મંદિરોનું બાંધકામ ચાલે છે. એકેક મંદિરમાં કરોડ, બે કરોડ કે પાંચ સાત કરોડના ખર્ચનું આયોજન થતું હોય છે. એમાંના એક મંદિરનું બાંધકામ જોઈને અમે બહાર નીકળ્યા. પ્રસંગોચિત ચર્ચા ચાલી. બિનહિસાબી નાણાં આવાં દેવસ્થાનોમાં વપરાય છે. વાપરનાર પોતે ધર્મ કર્યાનો સંતોષ મેળવતો હોય છે. અનીતિ કે કરચોરીનું દાન આપીને દાતા, નામના એ કીર્તિ પણ કમાતો હોય છે. આવાં મંદિરો પ્રેરણા શેની આપતાં હશે ?

આવી મતલબની વાતચીત ચાલતી હતી. મારાથી બોલાઈ જવાયું :

"ખરેખર તો આ જડ પથ્થરમાં રસ લેવાય છે તેટલો રસ જો જીવતા માણસમાં લેવાય તો ધનનું દાન આપનાર દાતાનું અને દાનની મદદ પહોંચે તે દાન લેનારનું એમ બંનેનું કલ્યાણ થાય."

એક બહેને તરત પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું :

"પથ્થર શાંતિ આપે છે; માણસ ક્લેશ કરાવે છે."

બહેન બુદ્ધિશાળી અને વિચારક, ભક્તહૃદયનાં શ્રદ્ધાળુ અને ધાર્મિક વૃત્તિનાં હતાં. એમના બોલવામાં વ્યંગ્ય કટાક્ષ નહોતો. આત્મશ્રદ્ધા અને ગંભીરતા હતી. શબ્દોનો રણકો જ એવો હતો કે એમના કહેવા પર ધ્યાન આપવું પડે. ચિંતન મનન કરવું પડે.

પ્રથમ દૃષ્ટિએ એમના કહેવામાં તથ્ય હતું.

ભલે પથ્થરના દેવ પણ એમનાં દર્શનથી મનમાં શાંતિ થતી હોય છે.

પણ તરત અયોધ્યાનું રામજન્મસ્થાન અને બાબરી મસ્જિદ યાદ આવ્યાં. એ આજે શું આપે છે ? શાંતિ કે અશાંતિ ?

શાંતિ જો પથ્થર આપી શકે છે તો અશાંતિ પણ પથ્થર જ આપે છે ને ?

અને આ બહેને કહ્યું કે માણસ ક્લેશ કરાવે છે તો કોઈક માણસ આપણને પરમ શાંતિનો અનુભવ પણ કરાવી શકે છે ને ?

મતલબ પથ્થર શાંતિ જ આપે છે અને માણસ ક્લેશ જ કરાવે છે એમ કહેવું એકાંતિક નથી લાગતું ?

પથ્થરની મૂર્તિમાંથી પ્રેરણા મેળવીને બેડો પાર કરી શકાય છે તો પથ્થરની

મૂર્તિને રાગદ્વેષનું કે અહંનું સાધન બનાવીને ખૂનો અને યુદ્ધો પણ થતાં હોય છે ને ?

આમ શાંતિનું મૂળ, નથી તો દેવમૂર્તિ કે ક્લેશનું મૂળ નથી તો માણસ. અલબત્ત, દેવમૂર્તિ અને માણસ શાંતિ અને અશાંતિ એમ બંનેમાં નિમિત્ત બની શકે.

મૂળ છે આપણામાં. આપણા અંતરમાં. અંતરની વૃત્તિમાં. અંદર મેલ નથી ? ચોખ્ખું છે ? જવાબ જો હા, તો શાંતિ હાથવગી સમજવી. અશાંતિનું નિમિત્ત મળે તોય એ નિમિત્તને ઊભા રહેવાને ધરતી જ નહિ મળે. ધરતી વિના નિમિત્ત ખસી જશે.

પથ્થરના દેવમાંથી શાંતિ મેળવવા માટેય અંતરની શુદ્ધિ તો જોઈએ જ. અને અંતરશુદ્ધિ પથ્થરમાં જ નહિ માણસમાં રહેલા દેવનાં દર્શન કર્યા વિના કેમ રહી શકે ? અને જો એક વખત આમ માણસમાંના દેવનું દર્શન થઈ જાય તો દેવમંદિરની સેવામાં જેમ ખર્ચ કરે છે તેમ માનવમંદિરની સેવામાં પણ ખર્ચ કરે જ ને ?

સંભવ વધુ તો એવો છે કે, દેવમૂર્તિની સેવામાંથી મળતી શાંતિ કરતાંય માનવમૂર્તિની સેવામાંથી મળતી શાંતિ પ્રત્યક્ષ અનુભવાશે. પહેલી શાંતિ ઉધાર હશે. બીજી રોકડી હશે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૨-૧૯૮૮

## ૧૧ ક્રિયાજડતા અને સાધનની શુદ્ધતા

ગુરુએ કર્મસિદ્ધાંતના આપેલા બોધથી વહેપારી ભક્તને સમાધાન મળી ગયું. પૂર્વે કરેલાં પુણ્ય અને પાપનો ઉદય થાય ત્યારે તે તે પ્રમાણે સારું ખરાબ ફળ ભોગવવાનું આવે. કર્મનો સિદ્ધાંત અફર છે. કર્મફળ ભોગવ્યે જ છૂટકો.

ભક્ત પાસે અઢળક ધનસંપત્તિ, પૂર્વે કરેલાં પુણ્ય કાર્યો ઉદયમાન કાળમાં છે તેથી આ ધન મળ્યું છે. એવા સમાધાનથી ચાલે. ધન વર્તમાનમાં કઈ રીતે કમાય છે એ વિશે વિચાર કે ચિંતન કરવાની જરૂર એમને લાગતી જ નહિ.

દીકરીના લગ્નમાં મોટો કરિયાવર કરવાનો હતો. લાખેક રૂપિયાનો હીરાનો હાર લાવ્યા હતા. એ જ ગુરુના બીજા ભક્ત વકીલ મિત્રને હાર દેખાડીને આ બધું ભગવાનની કૃપા અને પૂર્વકર્મનાં પુણ્યનો પ્રતાપ છે એમ કહીને પોતામાં ધાર્મિકવૃત્તિ

છે એમ બતાવવા પણ માગતા હતા.

વકીલ મિત્રે પણ ગુરુના કર્મસિદ્ધાંતનો બોધ સાંભળ્યો હતો. હાર જોયો. નીરખીને વખાણ કર્યાં અને પછી મિત્રના હાથમાંથી તે ઝૂંટવી લઈને વકીલ મિત્રે પોતાના ગજવામાં મૂકી દીધો અને ઊઠીને ચાલવા માંડ્યું.

પેલા મિત્રે હાર પાછો માગ્યો પણ વકીલ મિત્રે કહ્યું :

"હવે આ હાર મારા પૂર્વકર્મના પુણ્યે મારી પાસે આવ્યો છે એ તમને કેમ આપું ?"

"પણ તે તમારો ક્યાં છે ? પૈસા તો મેં આપ્યા છે. હાર મારો છે."

"હાર તમે બનાવ્યો નથી. હારમાં હીરા અને હેમ છે તે પણ તમારા બનાવેલા નથી. તમે તે ધનબળથી મેળવ્યો છે. હવે મેં બાહુબળથી મેળવ્યો. તમારાં પૂર્વકર્મનાં પુણ્યોદયે તમે ધનથી મેળવ્યો અને હાર તમારો થયો. મેં મારા પૂર્વકર્મના પુણ્યોદયે બળથી મેળવ્યો અને મારો થયો."

વકીલ મિત્રે તત્ત્વજ્ઞાન સમજાવ્યું. પણ મિત્રને આમ વાતનાં વડાંથી સમાધાન મળે ? બંને ગુરુ પાસે ગયા. બંને મિત્રોએ પોતપોતાની વાત અને દલીલો ગુરુ પાસે રજૂ કરી.

ગુરુએ વકીલ ભક્તને કહ્યું :

"પણ આમ કોઈની ચીજવસ્તુ આંચકી લેવાય ?"

વકીલ ભક્તે કહ્યું :

"ચીજવસ્તુ તો પુદ્ગલ છે, પદાર્થ છે, નાશવંત છે. પુણ્યપાપનો ઉદય હોય એ પ્રમાણે એ ફર્યા કરે. એ આની પાસે હોય કે તેની પાસે હોય. એથી જે શાશ્વત ચીજવસ્તુ છે તે આત્મતત્ત્વમાં તો કશો જ ફરક પડતો નથી. અને આ ભૌતિક પદાર્થ તો વળી પાછો પુણ્યનો ઉદયકાળ થશે ત્યારે એને મળવાનો જ છે. એ તો કર્મનો અફર સિદ્ધાંત છે. નાહક એને માટે ઝઘડો શા માટે ?"

ગુરુ કહે :

"ભલા ભાઈ, વ્યવહાર તે કંઈ આમ ચાલે ?"

"ગુરુદેવ, આપે જ અમને સમજણ આપી છે કે વ્યવહાર તો 'અયથાર્થ' છે. 'યથાર્થ' તો એક 'નિશ્ચય' જ છે. 'અયથાર્થ' જેવી નાશવંત બાબતને માટે આમ વળગણા શા માટે ?"

'નિશ્ચય ધર્મ' અને 'કર્મસિદ્ધાંત'ની વાણીને પકડવામાં આવે અને વર્તમાન વ્યવહાર સાથે એનો તાળમેળ બેસાડવાની કોઈ ચાવી ન હોય તો, આવી હાસ્યાસ્પદ

સ્થિતિ સર્જાય અને સંસારના વ્યવહારોમાં અરાજકતા પેદા થાય.

વર્તમાન કાળમાં અનીતિ આચરીએ, શોષણ કરીએ, અન્યાયથી વર્તીએ અને ગમે તેવાં અશુદ્ધ સાધનોથી ધન મેળવીએ છીએ. ધન પૂર્વે પુણ્યકાર્યો કર્યાં છે તેનું ફળ છે એમ સમજીએ. અને પેલા અશુદ્ધ સાધનોને વિશે કંઈ વિચાર જ ન કરીએ તો સમજવું જોઈએ કે, કર્મસિદ્ધાંતને આપણે યથાર્થ સમજ્યા જ નથી.

ધન કયે રસ્તે, કેવાં સાધનોથી મેળવીએ છીએ એ વિચાર તો કર્મસિદ્ધાંતમાં સહુ પ્રથમ જ કરવો જોઈએ. જેવું સાધન એવું સાધ્ય.

ક્રિયાકાંડને જડતાથી પકડવાને બદલે ક્રિયાના મર્મને બરાબર સમજીએ. ક્રિયા ઉપયોગી હોય તે જ કરીએ. ઉપયોગી ક્રિયામાંથી કર્મ બને તે જ કર્મ ધર્મરૂપ બની શકે. તેને જ પરિણામ પૂર્વે પડેલા બંધ છૂટતા જાય અને મોક્ષ માર્ગ તરફ ગતિ થાય.

ધનને પુણ્યનું ફળ ગણીને કર્મસિદ્ધાંતની અફરતામાં શ્રદ્ધા રાખીએ તો એ જ પ્રમાણે કોઈક વ્યક્તિ આપણને નુક્સાન કરે કે દુઃખ આપે ત્યારે પૂર્વે કરેલાં પાપનું ફળ ગણીને એ વ્યક્તિને દોષ તો ન જ આપીએ; પણ પાપનું ફળ ભોગવી લઈને તેના બંધમાંથી છૂટવાની આપણને તક આપી અને તેથી મોક્ષ માર્ગ સાફ થયો તે માટે તેમનો ઉપકાર માનીએ.

આમ બંને તરફનાં કાટલાં એક રાખીએ અને તાળામેળ મેળવીએ તો નિશ્ચય અને વ્યવહારનો મેળ પડી જાય.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૩-૧૯૮૮

## ૧૨ રાહત-ક્રાંતિનો ફરક

"તમે લોકો આ **રાહતકાર્ય** અને **ક્રાંતિકાર્ય** એમ લખેલા અક્ષરો અમારે તો કાળા અક્ષર કૂટી માર્યા જેવો ઘાટ થાય છે. દાખલા સાથે ફોડ પાડીને લખો કે આમ થાય તેને રાહતકાર્ય કહેવાય, અને આમ થાય એને ક્રાંતિકાર્ય કહેવાય તો જ અમારા જેવા થોડું ભણેલાને સમજાય."

મિત્રની બરછટ ભાષામાં આત્મીયતા હતી. એમને આપેલા દાખલા પ્રથમ જોઈ લઈએ.

ગુરુએ પરિગ્રહ એ પાપ છે. માટે અપરિગ્રહની દિશામાં આગળ વધવા સારુ

હવે પરિગ્રહ નહિ વધારતાં એની મર્યાદા બાંધી લેવાનો બોધ આપ્યો. શિષ્યોમાં બે માલિકો હતા. એમણે આ બોધ ગ્રહણ કર્યો. હૃદયપૂર્વક એનું આચરણ કરવાનો પાકો નિર્ણય કર્યો. મિલના માલિક નહિ ટ્રસ્ટી બનીને વહીવટ કરવાનું નક્કી કર્યું છે તે ઘણું છે. હવે વધારવું નથી.

એક મિલમાલિકે મિલના નફામાંથી અન્નનું સદાવ્રત ચાલુ કર્યું. આજુબાજુ કોઈ પણ માણસ ભૂખ્યો ન રહેવો જોઈએ. સદાવ્રતમાં જે કોઈ ભૂખ્યો માણસ આવે એને ધરાઈને રોટલો મળવા લાગ્યો. ભૂખ્યાને અન્નદાન જેવું મહાન પુણ્યનું બીજું કોઈ કાર્ય નથી. લોકોમાં મિલમાલિક શેઠની વાહવાહ થઈ ગઈ.

બીજા મિલમાલિકે જોયું કે માણસને ભૂખ રોજ લાગે છે. ભૂખને રોટલો ખાવા જોઈએ. રોટલો ભીખ માગીને ખાય છે. લાચારી અનુભવે છે. આ ભૂખ્યો માણસ કામ માગે છે. કામ નથી. મારી મિલે સેંકડો લોકોનું કામ છીનવી લીધું છે. મિલ વેચી નાખું મળેલાં નાણાંનાં અંબરચરખા લઉં. સાળો લઉં. કામ તો મિલનું જ છે. પણ આજે માણસને મિલમાં આવવું પડે છે. અને થોડાકને જ કામ મળે છે. હવે માણસ છે ત્યાં મિલ લઈ જઉંમાં અંબરની ત્રાકો અને હાથની સાળોથી કાપડ જ બનવાનું છે. ઘેર ઘેર મારી મિલ ચાલશે. એ દરેકને કામ મળશે. રોજી મળશે. મહેનતનો રોટલો ખાશે. લાચારી ટળશે. ખુમારીથી જીવશે. ગૌરવથી ફરશે.

અને એણે મિલ વેચી નાખી. ઉપજેલાં નાણાંમાંથી અંબર, હાથસાળો આપી, પૂણી આપી. સૂતરની ખાદી બનાવી. મિલ બંધ થવાથી ખાદીનું કાયમી બજાર મળ્યું. મિલનાં નાણાં, મિલમાલિકની બુદ્ધિ અને વ્યવસ્થાશક્તિથી આ બધું બન્યું.

પ્રથમ મિલમાલિકે સદાવ્રત ચલાવ્યું. રોટલો આપ્યો, માનવસેવાનું ઉત્તમ પુણ્યકાર્ય થયું. પણ એનાથી ભૂખ એક ટંક માટે સંતોષાઈ, ભૂખ્યાંને રાહત અવશ્ય મળી. એનું મહત્ત્વ ઓછું નથી. પણ પરિણામ ?

ન કોઈ પરિવર્તન, ન વ્યક્તિના કે ન સમાજજીવનમાં કશું પરિવર્તન.

આ થયું રાહતકાર્ય.

બીજા મિલમાલિકે સીધો રોટલો નથી આપ્યો. પણ રોટલો રળવાનું સાધન અંબરચરખો અને સાળ આપ્યાં છે. અંબર અને હાથસાળને મારક એવી મિલ બંધ કરી છે. અંબરચરખાની ખાદીને મિલ કાપડનું ઉત્પાદન બંધ થવાથી બજાર મળ્યું છે. પરિણામે કાયમી કામ મળ્યું છે.

કાયમ રોજી મળી. રોજીની કમાણીમાંથી રોટલા મળ્યા. સદાવ્રત ચલાવવાની જરૂર ન પડી. મહેનતની કમાઈનો રોટલો રળવામાં ન કોઈનું શોષણ, ન કોઈને

અન્યાય, ન અનીતિ કે પાપ કરવું પડે એટલું ધન. પાપથી દૂર રાખે એવું મન. કકડીને ભૂખ લાગે એવી મહેનત કરવાનું સાધારણ વ્યક્તિના જીવનમાં પરિવર્તન. સમાજજીવનમાં પણ પરિવર્તન. આ થયું ક્રાંતિકાર્ય.

કવિએ કહ્યું છે ને કે,

"ભાખરી આપી ભીખારી ન રાખો
એ ધનના ધણી ધર્મ તમારો."

અન્નક્ષેત્રનું પુણ્યકાર્ય જમા થશે, પણ સાથે મિલ ચલાવવાના મહારંભનું પાપ પણ ખાતામાં ઉધરશે. જયજયકાર મળવા છતાં ધંધો ખોટનો ગણાય.

જરૂર હોય ત્યાં સુધી રાહતકાર્યો જરૂર ચલાવવાં પડે, પણ એનાથીયે વધુ પાયાનું અને મહત્ત્વનું કામ, રાહતકાર્યની જરૂર જેટલી બને એટલી ઓછી પડે, એવી પરિસ્થિતિ નિર્માણ કરવાનું છે.

આને ક્રાંતિ કહીએ કે ઉત્ક્રાંતિ કહીએ. નામ ગમે તે આપીએ. આજે અને હંમેશાં આવા પાયાના પરિવર્તનની જરૂર છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૪-૧૯૮૮

## ૧૩ સ્ત્રીસમાજ જ પહેલ કરે

રસોડામાં રસોઈ કરવા માટે રસોઈયાની જરૂર હતી. કોઈ વ્યક્તિ ધ્યાનમાં હોય તો એમને મોકલવા સ્નેહી-સંબંધીઓને મિત્ર વાત કરતા અને યાદી આપતા રહેતા.

આ વિશે એક વખત એમણે એક બીજા મિત્રને આ વાત કરી. જવાબમાં મિત્રે કહ્યું : "સારું કોઈ હશે તો વાત કરીશ અને જણાવીશ."

વાત કરનાર મિત્રે તરત કહ્યું,

"પણ જો જો હોં, માણસ રસોઈયો ના મોકલતા. બહેન જ જોઈએ."

જવાબમાં બીજા મિત્રે કહ્યું કે,

"બહેન મળવાં મુશ્કેલ છે. પણ તપાસ કરતો રહીશ. માણસ તો તરત મળે."

આ બંને મિત્રોને મન 'માણસ રસોઈયો' એટલે 'પુરુષ રસોઈયો' એમ સ્પષ્ટ હતું. સ્ત્રી એ પણ માણસ જ છે એમ આ મિત્રો જાણતા જ હતા. અને છતાં જાણે સ્ત્રીજાતિની ગણના માણસજાતિમાં ન થતી હોય અને જે શબ્દો બોલાય, એવા શબ્દો એમના મોંઢામાંથી નીકળી જ ગયા કે, "માણસ રસોઈયો નહિ, બહેન

રસોઈયો જ જોઈએ." અને "બહેન મળવાં મુશ્કેલ. માણસ તો મળે."

આ શબ્દોનો અર્થ "બહેન (એટલે કે સ્ત્રી) માણસ નથી" એમ જ થાય ને ?

મેં કહ્યું : "પણ માનો કે, રસોઈ કરનાર બહેન માણસ હોય તો ચાલે ?"

બંને મિત્રો પ્રથમ તો મારી સામું આશ્ચર્યથી જોઈ જ રહ્યા.

જાણે મને કહેતા હોય "આ તે કંઈ સવાલ છે ?" એમણે મને તરત પ્રશ્ન પણ કર્યો જ, "કેમ એમ પૂછો છો ?" એમને મન હવે મારી સમજણ વિશે જ પ્રશ્ન થયો. મેં એમના બોલાયેલા શબ્દો બોલીને યાદ કરાવ્યું કે તમે આમ બોલ્યા હતા. અને પછી પૂછ્યું કે, "બરાબર ને ?"

બંને મિત્રો બુદ્ધિશાળી અને સમજુ હતા. તરત મારા કહેવાનો મર્મ સમજી લીધો. હસી પડ્યા. પછી તો અમને બધાનેય ખૂબ હસવું આવ્યું.

આ બંને મિત્રો સ્ત્રી-પુરુષ સમાનતામાં માને છે. સ્ત્રી જાતિ માટે ઊંચો આદર ધરાવે છે. શબ્દોમાં નહિ, પ્રત્યક્ષ વ્યવહારમાં પણ.

જેમણે સકળ જગતની જનેતા બનવાના કોડ અને મનોરથ સેવ્યા છે, નારિજાતિનાં શીલ, સ્વમાન, સ્વાતંત્ર્ય અને ગૌરવની રક્ષા કાજે, ખુદ સ્ત્રીઓની શક્તિ વધે તેવા કાર્યક્રમો આપ્યા છે, પ્રયોગો કર્યા છે, એટલું જ નહિ, જીવનનો મોટો ભાગ એને માટે જેમણે તપ કર્યાં છે, એ મુનિશ્રી સંતબાલજી અને એમની પ્રેરણાથી ચાલતા ભાલ નળકાંઠા પ્રયોગના પાયાના કાર્યકર સાથી એવા આ મિત્રો છે. એમના જેવા મિત્રોના મોંએ આવા શબ્દો કેમ નીકળ્યા ? પોતે હાંસીપાત્ર બને, અને જાતનું જ અવમૂલ્યન થાય એવા શબ્દો આમ સહજતાથી જ બોલાયા એનું કારણ શું ?

આનું મૂળ પુરુષ-પ્રધાનતાવાદી સમાજરચનામાં પડ્યું છે. સમાજમાં જે વ્યવહારો થતા હોય, જે વ્યવહાર પ્રતિષ્ઠિત બની બેરોકટોક ચાલતા હોય, એનો પ્રભાવ આપણા મન પર પડતો હોય છે. મનનું બંધારણ એનાથી ઘડાય છે.

વ્યક્તિગત જીવનના વ્યવહારમાં તો પુરુષ પ્રધાનપદે રહ્યો જ છે, અને સ્ત્રીનું સ્થાન ગૌણ જ રહ્યું છે. પણ સમાજના બધા જ ક્ષેત્રોમાં - આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય, નૈતિક, ધાર્મિક અને આ લોકમાં જ નહિ. પરલોકમાં પણ સ્ત્રીનું સ્થાન ગૌણ, નીચું, પુરુષ પ્રધાનપદે, ઊંચો.

રામ કે કૃષ્ણયુગથી માંડીને પ્રાચીન-અર્વાચીન કાળના અનેક દાખલાઓ છે કે એમાં સમાજ પુરુષ-પ્રધાનતાવાદી છે એમ જોવા મળે છે. આનું કારણ નીતિનિર્ણયો, શાસ્ત્રરચના, કર્મકાંડો વગેરે પુરુષજાતિએ બનાવ્યાં છે. ઘરમાં અર્થસત્તા પુરુષ પાસે

છે. કરુણ વિચિત્રતા એ છે કે, સ્ત્રીજાતિ પણ જાણે શરણાગતિ સ્વીકારતી હોય એમ પુરુષને આધીન તો બની જ, પણ એ આધીનતામાં એણે ગૌરવ પણ માન્યું.

ધર્મગ્રંથો, શાસ્ત્રો, સાહિત્ય, સૂત્રો, કથા, કહેવતો કે કાવ્યોમાં આ પુરુષ-પ્રધાનતાનો પ્રભાવ જોવા મળે જ છે. આવી બધી રૂઢિ અને પરંપરાઓથી ટેવાયેલું આપણું મન, કાળે કરીને એના સ્થૂળ શબ્દોને પકડી લે છે. દેશ, કાળ, પરિસ્થિતિ અને આખો સંદર્ભ છેક જ બદલાઈ જાય, છતાં આદતવશ રૂઢ સંસ્કારને કારણે પરંપરાગત વ્યવહાર ચાલુ રહે છે. એનું સમર્થન થતું રહે છે. સમર્થન માટે કાળગ્રસ્ત એવાં પેલાં જૂનાં પુરાણાં શાસ્ત્રો, સૂત્રો, કહેવતો કે કથાઓનાં પ્રમાણો ટાંકવામાં આવે છે. ભોળપણ, અંધશ્રદ્ધા કે ગફલતમાં એને સત્ય માની લેવામાં આવે છે.

આમાં કોઈ સુધારક ક્રાંતદ્રષ્ટા કે વિભૂતિરૂપ વ્યક્તિ, યુગાનુરૂપ નવીન અર્થઘટન પણ કરતા જ રહે છે. આ નવું અર્થઘટન માન્ય કરનારા દરેક કાળમાં નીકળે જ છે અને તેમ છતાં આ નવું અર્થઘટન સ્વીકારનારની વાણીમાં ભલે અજાણપણે પણ પેલી જૂની માન્યતાની છાંટવાળા શબ્દો તો આવી જતા હોય છે. જેમ આ મિત્રોને વિશે બન્યું.

મનની આ સ્થિતિ એમ સૂચવે છે કે કાળગ્રસ્ત હોવા છતાં રૂઢિ, પરંપરા કે માન્યતાનું વળગણ છોડવું એ સહેલું કામ નથી. અતિ અતિ કપરું કામ છે.

પ્રખર ચિંતકો, ધર્મધુરંધરો, શાસ્ત્રવેત્તાઓ કે ક્રાંતિકારી ગણીએ એવા આદરણીય મહાનુભાવો પણ આ કપરા કાર્યને પાર પાડવાનું સામર્થ્ય કેળવવાને બદલે, વાસ્તવિકતાને સ્વીકારી લેતા અને એનું સમર્થન કરતા જણાય છે.

સ્ત્રી-પુરુષ સમાનતાના કાર્ય માટે આમ થતું, આજે જોવા મળે છે. ત્યારે કહેવું પડે છે કે, સ્ત્રીઓએ જ સંગઠિતપણે કટિબદ્ધ બની આ પડકાર ઝીલીને પુરુષાર્થ કરવો પડશે.

આ 'પુરુષાર્થ' શબ્દ લખતાં લખતાં જ વિચાર થયો કે આ કામ સ્ત્રીઓ કરે છતાં બોલવામાં પુરુષવાચક શબ્દ 'પુરુષાર્થ' કેમ કહીએ છીએ ? 'પુરુષાર્થ' શબ્દ પુરુષ-પ્રધાનતાનો દ્યોતક તો નથી ને ?

અહીં અમારી અલ્પ સમજણથી એમ સમજાયું છે કે 'પુરુષાર્થ'માંનો પુરુષ એટલે નહિ નર કે નહિ નારી. પણ આત્મા ચેતનતત્ત્વ. એ પુલિંગે નર પણ હોય, સ્ત્રીલિંગે નારી પણ હોય.

પુરુષાર્થ કરીને સ્ત્રી-પુરુષ સમાનતા સિદ્ધ કરવાનું પરાક્રમ બતાવવું એ આજનું યુગકાર્ય છે. એની પહેલ સ્ત્રીસમાજે કરવી રહેશે. વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૦-૧૯૮૮

# મુનિશ્રી સંતબાલજી



જન્મ : ૨૬-૮-૧૯૦૪ ❀ કાળધર્મ : ૨૬-૩-૧૯૮૨

વિશ્વ વાત્સલ્ય

ૐ મૈયા